Estd : 1953

# The Gandhidham Chamber of Commerce & Industry

"Chamber Bhavan"
Plot No.71, Sector - 8, Gandhidham (Kachchh) 370 201
Tel.Nos. 220977, 220735, Mobile : 99250 37814, Fax No. 220888
email : info@gccikandla.com Website : www.gccikandla.com

- **To All Members** Date: 07.11.2020

## CIRCULAR
## ORDINARY GENERAL MEETING

The Ordinary General Meeting (2020) of The Gandhidham Chamber of Commerce & Industry will be held on **Monday, the 23rd November, 2020 at 04:00 p.m.** in the Chamber's "Shri Amarchand Singhvi Conference Hall" to transact the following business :-

## AGENDA

[1] President's Speech.

[2] To confirm the minutes of the Half Yearly General Meeting held on Saturday, 04th July, 2020 @ 04.00 p.m. (Draft Minutes Attached)

[3] To consider and adopt the Report of the Managing Committee on functioning of the Chamber. (Draft Reports Attached)

[4] To discuss on Managing Committee Election for the year of 2021-2022

[5] A. To give suggestions to the Managing Committee, as are found necessary.
B. Any other matter raised by or with the permission of the chair.

All the members are requested to kindly attend the meeting in time.

**(Aashish S. Joshi)**
Hon. Secretary

Encl : As above.

**Note : All members are requested to please strictly follow the Covid-19 protocol.**

સ્થાપના : ૧૯૫૩

# ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

ચેમ્બર ભવન, પ્લોટ નં. ૭૧, સેક્ટર-૮, પો.બો. નં. ૫૮,
ગાંધીધામ-કચ્છ ૩૭૦ ૨૦૧

- **ફક્ત સભ્યો માટે** તા. ૦૭.૧૧.૨૦૨૦

## પરિપત્ર

## ઓર્ડીનરી સામાન્ય સભા

ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સામાન્ય સભા (૨૦૨૦) **સોમવાર, તા. ૨૩.૧૧.૨૦૨૦ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યે** ચેમ્બર ભવનના ''શ્રી અમરચંદ સીંઘવી કોન્ફરન્સ હોલ'' માં ગાંધીધામ ખાતે મળશે. સભાની કાર્યસૂચિ નીચે મુજબ છેઃ

**કાર્યસૂચિ**

(૧) પ્રમુખશ્રીનું ઉદબોધન.

(૨) શનિવાર, તા. ૦૪.૦૭.૨૦૨૦ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યે મળેલ અર્ધ-વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી નોંધ બહાલ રાખવા બાબત. (ડ્રાફ્ટ મીનીટસ સામેલ છે)

(૩) ચેમ્બરની કાર્યવાહક સમિતિનો અહેવાલ રજુ થવા તથા તેને મંજુર કરવા બાબત. (ડ્રાફ્ટ રીપોટર્સ સામેલ છે)

(૪) વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે કાર્યવાહક સમિતિની ચૂંટણી બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

(૫) (એ) કાર્યવાહક સમિતિને નીતિ વિષયક સૂચનો અને માર્ગદર્શન આપવા બાબત.
(બી) પ્રમુખશ્રી તરફથી અને તેમની અનુમતિથી જે રજુઆત થાય તેના પર વિચારણા.

સર્વ સભ્યોને બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

**(આશિષ એસ. જોષી)**
માનદ્ મંત્રી

સંલગ્ન : ઉપર મુજબ

**નોંધ : બધા સભ્યોને વિનંતી છે કે કૃપા કરીને કોવિડ-૧૯ પ્રોટોકોલનું ચુસ્તપણે અનુપાલન કરવામાં આવે.**

<u>ડ્રાફ્ટ મીનીટસ</u>

**ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની શનિવાર, તા. ૦૪થી જુલાઇ, ૨૦૨૦ ના રોજ મળેલ અર્ધ-વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ**

---

**શનિવાર, તા. ૦૪થી જુલાઇ, ૨૦૨૦**

ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની અર્ધ-વાર્ષિક સામાન્ય સભાની બેઠક શનિવાર, તા. ૦૪થી જુલાઇ, ૨૦૨૦ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યે ચેમ્બર ભવનના પ્રથમ માળે ''કોન્ફરન્સ હોલ'' માં પ્રમુખશ્રી અનિલ કુમાર જૈનના અધ્યક્ષસ્થાને મળી હતી.

માનદ મંત્રીશ્રી આશિષ જોષીએ કોરમના અભાવે આજની મળનાર અર્ધ વાર્ષિક સામાન્ય સભા ૧૫ મિનિટ માટે સ્થગિત રાખવા જણાવ્યું હતું.

સભાની કાર્યવાહીના પ્રારંભ પહેલાં માનદ મંત્રીશ્રીએ ગાંધીધામ ચેમ્બરના ગત વાર્ષિક સામાન્ય સભા અને આજની અર્ધ વર્ષ સામાન્ય સભા દરમ્યાન ચેમ્બરના સભ્યો, તેમના પરિવારજનો/સગા-સંબંધીઓ તથા અન્ય નામી-અનામી વ્યક્તિઓ જેમના દુઃખદ નિધન થયા છે તેમના દિવ્ય આત્માની શાશ્વત શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી. ઉપસ્થિત સૌ સભ્યોએ પોતાના સ્થાન પર ઊભા થઇ બે મીનીટનું મૌન પાળ્યું હતું.

ત્યારબાદ માનદ મંત્રીશ્રી આશિષ જોષીએ સભાની પરવાનગી લઇ આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને સૌ સભ્યોને પ્રવર્તમાન કોવિડ વાયરસ-૧૯ થી ફેલાયેલ વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખતાં બેઠક દરમ્યાન કોવિડ પ્રોટોકોલના નિયમોનું પાલન કરવા જેમ કે, માસ્ક, સેનિટાઇઝર અને સોશિયલ ડિસ્ટેન્સ તેમજ દો ગજ કી દૂરીને જાળવી રાખવા જેવી બાબતો પર ભાર મૂકી અધ્યક્ષશ્રી અનિલ કુમાર જૈનને સભાને સંબોધિત કરવા અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ, ચેમ્બર પ્રમુખ શ્રી અનિલ કુમાર જૈનએ આજની અર્ધ-વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત સૌ સભ્યોનું ઉષ્માભેર સ્વાગત કરતાં પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, આપ જાણો છો તેમ વર્તમાન કારોબારી સમિતિએ તા. ૦૪થી જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ પોતાનો કાર્યભાર સંભાળ્યો છે. આ ગૌરવવંતી સંસ્થાના પ્રમુખ તરીકે મારી વરણી કરી મારામાં જે વિશ્વાસ વ્યક્ત કર્યો છે, તે બદલ હું કારોબારી સમિતિના સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરૂં છું. તેમણે ગાંધીધામ ચેમ્બરને આજે ૬૭ વર્ષમાં પ્રવેશી જે ઉંચાઇએ વિશ્વસનીયતા પ્રાપ્ત કરી છે તેનું સમગ્ર શ્રેય ગાંધીધામ ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખો અને વરિષ્ઠ સભ્યોને આપતાં જણાવ્યું કે, તેઓએ પણ ભૂતકાળમાં કેવા-કેવા પ્રશ્નોનો સામનો કરીને તેને હલ કર્યા હશે, જેથી આજે આ સંસ્થા આટલી ઉંચાઇ સુધી પહોંચી છે અને સંકુલને વિરાસતમાં મળી છે, તેમ જણાવી તેમણે સંસ્થાને પ્રસિધ્ધિ અપાવનાર દરેક સૌ સભ્યો પ્રત્યે નતમસ્તક કરી જણાવ્યું કે આજે આપણી સંસ્થાએ સમગ્ર ગુજરાતમાં સક્રિય સંસ્થા તરીકેનું મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે અને સાથોસાથ સ્વીકાર્યુ કે આપણે પણ આ દિશામાં કામ કરીએ જેથી આપણી આ અગ્રીમ સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો અને ઉન્નતિ થાય, તેવી અપેક્ષા તેમણે સભા સમક્ષ વ્યક્ત કરી હતી.

પ્રમુખશ્રીએ જણાવ્યું કે, અર્ધ વર્ષ દરમ્યાન ચેમ્બર દ્વારા જે પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે તેનો વિગતવાર અહેવાલ સંસ્થાના માનદ મંત્રી શ્રી આશિષ જોષી આપની સમક્ષ રજુ કરશે તેથી તે વિષે વધુ ન કહેતાં અન્ય બાબતો જેમાં મુખ્યત્વે આપણા કચ્છ ડીસ્ટ્રીકટને વ્યવસાયના ક્ષેત્રમાં પ્રગતિની દિશામાં આગળ લઇ જવા બાબતે શું શું કાર્યવાહી થઇ અથવા પગલાં ભર્યા તે વિષે સભાને માહિતી પાઠવવાની ઇચ્છા દર્શાવી હતી. તેમણે જણાવ્યું કે, વૈશ્વિક મહામારી કોરોના-૧૯ ના સમયગાળા દરમ્યાન અચાનક આવી પડેલ મહામુસીબત વખતે વર્તમાન કારોબારી સમિતિએ માર્ચ મહિનાથી અત્યાર સુધી મોટી અને વિશેષ ભૂમિકા ભજવી છે, જેમાં જરૂરિયાતમંદ લોકોને રાશનકિટ, ફૂડ પેકેટ, માસ્ક, સેનીટાઇઝર રાહત ભાવે ઉપલબ્ધ કરાવવા, સી.એમ. રાહત ફંડમાં રૂા. ૫૧ લાખનો ફાળો, હોસ્પિટલમાં દર્દીઓની વ્યવસ્થા માટે સુવિધા ઊભી કરાવવા, વિભિન્ન પ્રશ્નોના નિરાકરણ માટે કેન્દ્ર અથવા રાજય સરકાર તેમજ સ્થાનિક અધિકારીઓ સાથે સંકલન સાધી પત્ર વ્યવહાર કરેલ જેની ઉચ્ચ સ્તરે પણ નોંધ લેવામાં આવેલ, તેમ જણાવેલ.

પ્રમુખશ્રીએ જણાવ્યું કે, ધીમે-ધીમે આપણે ઉપરોક્ત કાર્યવાહીઓમાંથી બહાર નિકળીને આપણી સામે જે સમસ્યા આવી તે આર્થિક સમસ્યા હતી જેના ઉપર આપણે ધ્યાન કેન્દ્રિત કર્યુ અને આ વેપારી સંસ્થાની પ્રાથમિક્તા પણ હતી અને પડકાર પણ. આ સમસ્યાનો હલ શોધવા માટે કેવી રીતે નવા નવા વ્યવસાયોને સ્થાપિત કરવા, બજારમાં માંગ કેવી રીતે વધે, જીએસટી દરમાં રાહત, ડીપીટી ધ્વારા ફોર્સ મેજર હેઠળ ડેમરેજ અને અન્ય વેરાઓમાં રાહત, વિવિધ બેંકો સાથે વેબિનાર અને રૂબરૂ મીટીંગોના આયોજન કરવાથી પણ સારા પ્રતિભાવ મળ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું કે, ગાંધીધામ ચેમ્બર ધ્વારા બહાર પડાયેલ કોફી ટેબલ બુકમાં પણ કચ્છમાં રહેલ વિપુલ તકો વિષેની માહિતી પ્રસિધ્ધ કરાયેલ છે, તેમ જણાવેલ.

પ્રમુખશ્રીએ વધુમાં જણાવ્યું કે હવે આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય અથવા ધ્યેય આવનાર ૩૦ વર્ષ પછી ગાંધીધામ શહેર કેવું હશે તેની કલ્પનાઓ વિષે ચર્ચાઓ કરવા માટેનો છે, જેમાં આપણી સંસ્થાની, આપણા ભાઇબંધુઓ તેમજ સંકુલની પ્રગતિનો વિકાસ થાય. આ ધ્યેય અંતર્ગત નવા-નવા વ્યવસાયોની શોધ કરવી, મોટા પ્રોજેક્ટ હાથ ધરવા જેનો સીધો ફાયદો સંકુલના વેપારી વર્ગને થાય જેની પહેલ ગાંધીધામ ચેમ્બર ધ્વારા રચિત વિવિધ પેટા સમિતિઓની યોજાતી બેઠકો દરમ્યાન કારોબારી સમિતિના સભ્યોને આમંત્રિત કરીને તેમની પાસેથી સૂચનો રૂપે નવું શું કરી શકાય તે વિષે તેમના અમૂલ્ય વિચારો રજુ કરવાની તક ધ્વારા અપાઇ છે, જેનો તાજેતરનો દાખલો આપતાં તેમણે જણાવ્યું કે ચેમ્બર ભવન મધ્યે વિવિધ પેટા સમિતિઓની લાગ-લગાતાર ૮-૧૦ બેઠકો યોજાઇ હતી અને સભ્યો ધ્વારા ચર્ચા વિચારણા દરમ્યાન બે મોટા પ્રોજેક્ટ ધ્યાને આવ્યા છે જેમાં એક પ્રોજેક્ટ આ સંકુલ વિસ્તારમાં ફર્નિચર પાર્ક બનાવવાનું છે જયારે બીજો પ્રોજેક્ટ એગ્રીકલ્ચર માર્કેટીંગ માટેનો છે.

એગ્રીકલ્ચર માર્કેટીંગ વિષે અધ્યક્ષશ્રીએ પ્રકાશ પાડતા જણાવ્યું કે, આ પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકારે તાજેતરમાં ઘણાં ફેરફાર કર્યા છે અને ખેડૂતો ઉપરથી પ્રતિબંધ હટાવી તેમને મુક્ત કરી દીધા છે અને તેઓ એપીએમસીમાં પણ સ્વતંત્ર રીતે કામ-કાજ કરી શકે છે, તેમ જણાવેલ. અધ્યક્ષશ્રીએ આવનાર પાંચ વર્ષમાં એગ્રીકલ્ચર માર્કેટ મોટું માર્કેટ બનીને આવશે તેવું જણાવી ભવિષ્યમાં આ બે મોટા પ્રોજેક્ટો કે ક્ષેત્રોમાં કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરેલ.

અધ્યક્ષશ્રીએ સંબોધનના અંતમાં સભાને માહિતી આપતાં જણાવ્યું કે, ગાંધીધામની મુખ્ય બજારમાં આવેલ સરદાર પટેલના બાવળા પાસે ઓવરબ્રીજ જમીનને દત્તક લઇ આ જમીનને સૌંદર્યીકરણ કરવા માટેનું પ્રોજેક્ટ હાથમાં લીધો છે. અંતમાં તેમણે અગ્રીમ સંસ્થા તરીકે પોતાને પ્રમુખ તરીકે ચુંટવા અને સંસ્થા તેમજ સંકુલને પોતાના મંતવ્યો રજુ કરવાની મળેલ તક બદલ પુનઃ કારોબારી સમિતિના સભ્યો પ્રત્યે આભાર વ્યક્ત કરી જણાવ્યું કે, ગાંધીધામ શહેરમાં ભાગ્યે જ ગાંધીધામ ચેમ્બર જેવી બીજી કોઇ અગ્રિમ સંસ્થા હશે. જે માટે તેમણે આવી સંસ્થાને હજુ વધુ મજબૂત, સમૃધ્ધ અને ઉત્થાન તરફ લઇ જવાના આ ભગીરથ કાર્યમાં સૌને ભાગીદાર થવા આહવાન કરેલ અને મજબૂત ચેમ્બર તો મજબૂત ગાંધીધામ, તેમ જણાવેલ.

**<u>એજન્ડા આઇટમ નં. ૨</u>** : નીચે દર્શાવેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ બહાલ રાખવા બાબત.
(અ) ઓર્ડીનરી જનરલ સભા, શુક્રવાર, તા. ૨૯.૧૧.૨૦૧૯

માનદ મંત્રી શ્રી આશિષ જોષીએ ઉપરોક્ત બેઠકની કાર્યવાહી નોંધ અંગે સભ્યશ્રીઓના વિચારો / મંતવ્યો / સૂચનો આમંત્ર્યા હતા.

ઉપરોક્ત મળેલ સભાની કાર્યવાહી નોંધમાં ઉપસ્થિત સભ્યો દ્વારા કોઇ સુધારા-વધારા ન સૂચવાતાં ઉપરોક્ત કાર્યવાહીની નોંધ સભા દ્વારા સર્વસંમતિથી મંજુર કરવામાં આવી હતી.

**<u>એજન્ડા આઇટમ નં. ૩</u>** : ચેમ્બરની કાર્યવાહક સમિતિનો અહેવાલ રજુ થવા તથા તેને મંજુર કરવા બાબત.

માનદ મંત્રી શ્રી આશિષ જોષીએ પ્રસ્તુત અહેવાલ પર સભ્યશ્રીઓને પોતાના મંતવ્યો / વિચારો વ્યકત કરવા આમંત્ર્યા હતા.

ઉપરોક્ત અહેવાલ પ્રત્યે સભ્યો ધ્વારા કોઇ સુધારા-વધારા ન સૂચવાતાં કાર્યવાહક સમિતિનો વર્ષ ૨૦૨૦ નો અહેવાલ સભા ધ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો.

**<u>એજન્ડા આઇટમ નં. ૪</u>** : વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના ચેમ્બરના વાર્ષિક નાણાકીય હિસાબ તથા ઓડીટ રીપોર્ટ મંજુર કરવા બાબત.

માનદ મંત્રી શ્રી આશિષ જોષીએ ચેમ્બરના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના વાર્ષિક નાણાકીય હિસાબ રજુ કર્યા અને સભ્યોને મંતવ્યો-સ્પષ્ટીકરણ કે સૂચનો માટે આમંત્ર્યા.

ઉપરોક્ત રજુ કરેલ વાર્ષિક નાણાકીય હિસાબો પ્રત્યે સભ્યો ધ્વારા કોઇ સુધારા-વધારા ન સૂચવાતાં ઉપરોક્ત હિસાબો તથા ઓડીટ રીપોર્ટ સભા ધ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો.

**<u>એજન્ડા આઇટમ નં. ૫</u>** : વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે ઓડીટરની નિમણૂંક કરવા અને તેનું મહેનતાણું નકકી કરવા બાબત.

માનદ મંત્રીશ્રી આશિષ જોષીએ સભાનું ધ્યાન દોરતાં જણાવેલ કે, ચેમ્બરના ઓડીટર તરીકે મેસર્સ ખીમજી કુંવરજી એન્ડ કાં. કે જેઓ હવેથી લાલકા એન્ડ લાલકા એલ.એલ.પી. ના નવા નામથી ઓળખાણ ધરાવે છે તેઓને વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે ચેમ્બરના ઓડીટર તરીકે નિમણૂંક કરવા તેમજ તેમનું વાર્ષિક મહેનતાણું જે હાલે રૂા. ૩૫,૦૦૦-૦૦ છે તેના બદલે તેમની અરજીમાં જણાવેલ મુજબ રૂા.૪૦,૦૦૦-૦૦ (જીએસટી અલગથી) નો વધારો કરવા પ્રસ્તાવિત છે.

માનદ મંત્રીશ્રી ધ્વારા રજુ કરેલ પ્રસ્તાવ સભાએ સર્વસંમતિથી માન્ય રાખ્યો હતો.

**<u>એજન્ડા આઇટમ નં. ૬એ/બી</u>** : કાર્યવાહક સમિતિને નીતિ વિષયક સૂચનો કરવા અને માર્ગદર્શન આપવા બાબત તથા પ્રમુખશ્રીની અનુમતિથી જે રજુઆત થાય તેના પર વિચારણા કરવા બાબત.

માનદ મંત્રીશ્રીએ કાર્યવાહક સમિતિની આગામી દિવસોની કાર્યવાહી માટે માનનીય સભ્યશ્રીઓને નીતિ વિષયક સૂચનો કે જનહિતના અન્ય મુદાઓ પર પોતાના મંતવ્યો વ્યક્ત કરવા આમંત્રણ આપ્યું હતું.

સભ્યશ્રી અશોક આર. ચાવલાએ વર્તમાન વૈશ્વિક કોરોના વાયરસ-૧૯ ની મહામારીને ધ્યાનમાં રાખતા સૂચન કરેલ કે એમ.એસ.એમ.ઇ. ક્ષેત્ર અંતર્ગત આવતા વેપારીઓની રજીસ્ટ્રેશન પ્રક્રિયા માટે ગાંધીધામ ચેમ્બર મધ્યે નોડલ ઓફીસરને આમંત્રિત કરી વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો એકસાથે ઘણા બધા વેપારીઓને લાભ પ્રાપ્ત થઇ શકશે, તેવું સૂચન કરેલ.

તેમણે સરકારશ્રી ધ્વારા અપાતા લાભ સંદર્ભે જણાવ્યું કે તેમની નીતિઓ ઘણી જટિલ અને ગુંચવણભરી હોય છે, જેમાં નાના વેપારીઓ માટે લાભ બાબતે કોઇ ખાસ સ્પષ્ટતા કરાયેલ હોતી નથી અને તેનો સીધો ફાયદો માત્ર ઉદ્યોગકારોને જ જાય છે, તેમ જણાવેલ. તેમણે હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને જોતાં વેપાર-રોજગાર ઉપર વધુ માઠી અસર થવાની છે અને વેપારીઓ માટે હજુ વધુ ખરાબ સમય આવવાનો છે, જે માટે ઓવરહેડ કોસ્ટ સેન્ટર્સને નિયંત્રણમાં રાખવા અથવા તેને ક્વર કરવા સરકારશ્રી વેપારીઓને બે વર્ષની સમયાવધિ માટે ઇન્કમટેક્ષ ભરવામાંથી મુક્તિ આપે જેથી તરલતા (LIQUIDITY) વધવાથી ખરીદ શક્તિ વધશે, ખરીદ શક્તિ વધવાથી તેઓ ખર્ચ કરશે અને ખર્ચ થવાથી માર્કેટમાં ડિમાન્ડ ઊભી થશે, તેમ જણાવેલ.

તેમણે અન્ય સૂચન ધ્વારા જણાવેલ કે હાલ સમગ્ર બેંકો ધ્વારા વસુલાતા વ્યાજના દરને જો ૨-૩ વર્ષ માટે ૨૫% ઓછા કરવામાં આવે તો વેપારી વર્ગને આંશિક રાહત થશે. તેમણે અન્ય સૂચનમાં જણાવેલ કે, ગુજરાત સરકાર જો મિલ્કત વેરો કે અન્ય વેરાઓમાં પણ ૫૦% સુધી જો રાહત આપે તો બજારમાં માંગ ઊભી થવાની શક્યતા છે જે બદલ તેમણે ચેમ્બર ભવન મધ્યે જ્યારે પણ મીટીંગોનું આયોજન હાથ ધરાય ત્યારે એક વેપારીના નાતે તેમના ધ્વારા કરાયેલ આ સૂચનને પ્રસ્તાવરૂપે ઉચ્ચ સ્તરે રજુ કરાય તો વેપારી વર્ગને થોડીઘણી રાહત રહેશે, તેમ જણાવેલ.

સભ્યશ્રી અશોક ચાવલા ધ્વારા રજુ કરેલ સૂચનો પ્રત્યે પ્રત્યુતર પાઠવતાં અધ્યક્ષશ્રી અનિલ કુમાર જૈને જણાવ્યું કે, હાલમાં જ કેન્દ્ર સરકારશ્રી ધ્વારા રૂા. ૨૦ લાખ કરોડનું મેગા પેકેજ જાહેર કરાયેલ છે, જેમાં રૂા. ૩ લાખ કરોડ એમ.એસ.એમ.ઇ. અને ટ્રેડર્સ માટે ફાળવાયેલ છે.

તેમણે વર્તમાન મહામારીને ધ્યાનમાં રાખતાં સરકારશ્રી આગામી ૬ મહિના માટે ૫૦% જીએસટી દરમાં રાહત આપે તેવી રજુઆત પણ ગાંધીધામ ચેમ્બર ધ્વારા અગાઉથી જ નાણામંત્રીશ્રી સમક્ષ કરાયેલ છે અને આ અંગેની મુહિમ રાષ્ટ્રીય સ્તરે પણ ચાલુ છે, તેમ જણાવેલ.

અધ્યક્ષશ્રીએ એક ખાસ બાબત પર સભાનું ધ્યાન દોરતાં જણાવેલ કે આપ સૌ પરિચિત હશો જ કે સરકારશ્રી છેલ્લા ૧૫ દિવસથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત ભાવવધારો કરી રહી છે, જેનો સીધો અર્થ એ થાય છે કે સરકારશ્રી પાસે હાલ પૈસા નથી અને તેમની પાસે ફંડ એકત્રિત કરવા માટે આ માત્ર એક જ વિકલ્પ છે, આ સિવાય બીજો કોઇ ઉપાય તેમની પાસે નથી, તેમ જણાવેલ.

તેમણે સભ્યશ્રી અશોક ચાવલા ધ્વારા ઇન્કમટેક્ષ નાબૂદી સંદર્ભે કરાયેલ સૂચન પ્રત્યે પણ જણાવ્યું કે, આ બાબતમાં મિ. સુબ્રામણ્યમ સ્વામી સમક્ષ રજુઆત કરાઇ છે, પ્રયાસો ચાલુ જ છે, જો સંપૂર્ણ માફી નહિં મળે તો આ દરને ઓછા કરાવવા માટે ચોકક્સ પ્રયાસ કરાશે, તેમ જણાવેલ.

માનદ મંત્રીશ્રી આશિષ જોષીએ સરકાર સંબંધિત સ્પર્શતી નીતિઓ સંદર્ભ જે કોઇ સભ્યશ્રીને સભા સમક્ષ સૂચનો રજુ કરવા હોય તે માટે તેમણે સભ્યોને આમંત્રિત ર્ક્યા હતા.

ત્યારબાદ અન્ય કોઇ સભ્યશ્રીઓના સૂચનો ન હોતાં આજની આ અર્ધવાર્ષિક સામાન્ય સભા પૂર્ણ થઇ હતી અને માનદ મંત્રીશ્રીએ આજની અર્ધ-વાર્ષિક સામાન્ય સભામાં વિવિધ મૂલ્યવાન તથા ઉપયોગી સૂચનો પર ચર્ચા-વિચારણા કરી સભાની કાર્યવાહી જીવંત બનાવી તે બદલ તેમણે ઉપસ્થિત સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી સભા સમાપ્તિની જાહેરાત કરી હતી અને સભામાં રજુ કરાયેલ અહેવાલમાં છેલ્લા છ મહિના દરમ્યાન અધ્યક્ષશ્રી અનિલ કુમાર જૈનના નેતૃત્વ હેઠળ હાથ ધરાયેલ વિવિધ કામગીરીઓમાં તેઓ કેટલા અંશે સફળ થયા તેની મુલવણી કરવાનું કામ માનનીય સભ્યશ્રીઓનું છે, તેમ જણાવી ચેમ્બરના ઉપ પ્રમુખશ્રી તેજાભાઇ કાનગડને આભારવિધિ માટે આમંત્રિત ર્ક્યા હતા.

ચેમ્બર ઉપ પ્રમુખશ્રી તેજાભાઇ કાનગડે આજની અર્ધવાર્ષિક સામાન્ય સભામાં પધારેલ સૌ સભ્યો ધ્વારા રજુ કરેલ સૂચનો પ્રત્યે આભાર વ્યક્ત કરી સૌને અલ્પાહારમાં જોડાવવા હાર્દિક અનુરોધ ર્ક્યો હતો.

- - - - -

## ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
## ''ચેમ્બર ભવન'', પ્લોટ નં. ૭૧, સેક્ટર ૮,
## ગાંધીધામ-કચ્છ

સોમવાર, તા. ૨૩.૧૧.૨૦૨૦
સમયઃ સાંજે ૦૪.૦૦ વાગ્યે

---

સોમવાર, તા. ૨૩.૧૧.૨૦૨૦ ના રોજ ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની સામાન્ય સભામાં માનદ મંત્રી શ્રી આશિષ જોષીએ રજુ કરેલ કારોબારી સમિતિની કામગીરીનો અહેવાલ.

માનનીય પ્રમુખશ્રી, અન્ય પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના મારા સાથી મિત્રો તથા પધારેલ સભ્યશ્રીઓ,

આપણા ચેમ્બરની વર્ષ ૨૦૨૦ ની આજની આ વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌનું હાર્દિક સ્વાગત કરતાં અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

તા. ૦૪-૦૧-૨૦૨૦ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિની પ્રથમ બેઠકમાં વર્તમાન પદાધિકારીઓની વરણી થતાં પદાધિકારીઓએ તેમનો કાર્યભાર સંભાળ્યો હતો. અત્યાર સુધી કાર્યવાહક સમિતિની કુલ ૦૯ બેઠકો મળી છે, જેમાં ૦૮ સામાન્ય બેઠકો અને ૦૧ તાકીદની બેઠકનો સમાવેશ થાય છે.

### (એ). ચેમ્બરની સભ્ય સંખ્યા :

ચેમ્બરની હાલની સભ્ય સંખ્યા ૨૬૯૩ ની થઇ છે, જે પૈકી ૨૨૪ પેટ્રન સભ્યો છે.

### (બી). સભ્યોનું કો-ઓપ્શન :

વર્ષ ૨૦૨૦ માટે કાર્યવાહક સમિતિએ નીચે દર્શાવેલ નવ સભ્યોને કો-ઓપ્ટ કર્યા હતા.

**કો-ઓપ્શન સભ્યોના નામ**

| ક્રમ | સભ્યનું નામ | ફર્મનું નામ |
|---|---|---|
| ૧ | શ્રી હેમચંદ્ર બી. યાદવ | મેસર્સ શિવમ સી-ટ્રાંસ પ્રા. લિ., |
| ૨ | શ્રી CA અનિમેષ મોદી | મેસર્સ અનિમેષ મોદી |
| ૩ | શ્રી બચુભાઇ ડી. આહિર | મેસર્સ અંકુર એન્ટરપ્રાઇઝ |
| ૪ | શ્રી બકુલ કીર્તિલાલ વોરા | મેસર્સ બોમ્બે પ્રિન્ટીંગ પ્રેસ |
| ૫ | શ્રી જીતેન્દ્ર સી. જૈન | મેસર્સ આધુનિક |
| ૬ | શ્રી મુકેશ એસ. મહેતા | મેસર્સ પી.જે. ઇમ્પેક્ષ ટ્રેડર્સ |
| ૭ | શ્રી નવનીત ગજ્જર | મેસર્સ કંડલા ટીમ્બર એસોસીએશન |
| ૮ | શ્રી રાકેશ અગ્રવાલ | મેસર્સ પુરવાંચલ લેમીનેટસ પ્રા. લિ., |
| ૯ | શ્રી શેવક એન. લખવાણી | મેસર્સ લખવાણી કોનપ્રો પ્રા. લિ. |

### (સી). પેટા સમિતિઓની રચના :

વિભિન્ન બાબતો અંગે યોગ્ય સ્તરે રજુઆત કરવાનું અનુકુળ રહે અને ચેમ્બરની કાર્યવાહી સરળ અને સુચારૂ રૂપે ચાલે તેમજ પ્રવૃત્તિઓ અસરકારક તેમજ વેગવંતી થાય તેમજ સભ્યોના જુદા જુદા વિષયોના જ્ઞાન અને અનુભવનો મહત્તમ લાભ ચેમ્બરને મળે તે હેતુથી નીચે જણાવેલ પેટા સમિતિઓની રચના કરી પોતાના ક્ષેત્રમાં પારંગત હોય તેવા કન્વીનરશ્રીની નિમણૂંક કરવામાં આવી હતી.

## વર્ષ ૨૦૨૦ માટેની પેટા સમિતિઓની રચના

| ક્રમ નં. | પેટા સમિતિ અને તેના કન્વીનર / સહ કન્વીનરશ્રીનું નામ | એક્સ ઓફીસીઓ સભ્યના નામ |
|---|---|---|
| ૧ | સલાહકાર સમિતિ : | શ્રી ચંપાલાલજી પારખ<br>શ્રી અશોક સી. શર્મા<br>શ્રી કે.એમ. ઠક્કર<br>શ્રી અશોક આર. ચાવલા<br>શ્રી બાબુલાલ એ. સીંઘવી<br>શ્રી બચુભાઇ ડી. આહિર<br>શ્રી પારસમલ નાહટા<br>શ્રી વિદ્યુત વી. બુચ<br>શ્રી દિનેશ ગુપ્તા<br>શ્રી બાબુભાઇ બી. હુંબલ<br>શ્રી અનિલ કુમાર જૈન |
| ૨ | લેન્ડ કમિટિ :<br>શ્રી દિનેશ ગુપ્તા, કન્વીનર<br>શ્રી મહેશ તિર્થાણી, સહ-કન્વીનર,<br>શ્રી મહેશ પુજ, સહ-કન્વીનર | શ્રી તેજાભાઇ એસ. કાનગડ, ઉપ પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |
| ૩ | પોર્ટ / કસ્ટમ્સ :<br>શ્રી સંજય ગાંધી કન્વીનર<br>શ્રી મયંક આર. સીંઘવી, સહ-કન્વીનર | શ્રી આશિષ જોષી, માનદ મંત્રી અને એક્સ ઓફીસીઓ |
| ૪ | રેલ્વે / સોલ્ટ :<br>શ્રી પારસમલ નાહટા, કન્વીનર<br>શ્રી મહાદેવ રાજાણી, સહ-કન્વીનર<br>શ્રી રાકેશ કુમાર જૈન, સહ-કન્વીનર | શ્રી જતિન અગ્રવાલ, માનદ સહમંત્રી અને એક્સ ઓફીસીઓ |
| ૫ | સ્ક્રુટીની :<br>શ્રી મહાદેવ રાજાણી, કન્વીનર<br>શ્રી મુરલીધર જગાણી | શ્રી તેજાભાઇ એસ. કાનગડ, ઉપ-પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |
| ૬ | બુલેટીન / રિસેપ્શન :<br>શ્રી મુરલીધર જગાણી, કન્વીનર<br>શ્રી હરીશ જે. માહેશ્વરી, સહ કન્વીનર | શ્રી અનિલ કુમાર જૈન,<br>પ્રમુખશ્રી અને એક્સ ઓફીસીઓ |
| ૭ | પીજીવીસીએલ / ટેલીકોમ્યુનીકેશન :<br>શ્રી પારસમલ નાહટા, કન્વીનર<br>શ્રી મહાદેવ રાજાણી, સહ-કન્વીનર<br>શ્રી હરીશ જે. માહેશ્વરી, સહ-કન્વીનર | શ્રી તેજાભાઇ એસ. કાનગડ, ઉપ પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |
| ૮ | બેંકીંગ / ટેક્ષેસન / જીએસટી :<br>શ્રી દિનેશ ગુપ્તા, કન્વીનર<br>શ્રી કમલેશ જી. રામચંદાણી, સહ-કન્વીનર | શ્રી અનિલ કુમાર જૈન, પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |
| ૯ | બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન :<br>શ્રી પારસમલ નાહટા, કન્વીનર<br>શ્રી મહાદેવ રાજાણી, સહ-કનવીનર<br>શ્રી દિપક પારખ, સહ-કન્વીનર | શ્રી અનિલ કુમાર જૈન, પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |
| ૧૦ | ઈન્ડસ્ટ્રી / કાંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન / એમએસએમઇ :<br>શ્રી મોહનલાલ ગોયલ, કન્વીનર<br>શ્રી હરીશ જે. માહેશ્વરી, સહ-કન્વીનર | શ્રી તેજાભાઇ એસ. કાનગડ, ઉપ પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |

| | | |
|---|---|---|
| ૧૧ | ટ્રાન્સપોર્ટ / ઇન્સ્યુરન્સ :<br>શ્રી કમલેશ જી. રામચંદાણી, કન્વીનર<br>શ્રી જયેશ આર. રાજદે, સહ-કન્વીનર<br>શ્રી હરીશ જે. માહેશ્વરી, સહ-કન્વીનર | શ્રી જતિન અગ્રવાલ, માનદ સહમંત્રી અને એક્સ ઓફીસીઓ |
| ૧૨ | નગરપાલિકા :<br>શ્રી હરીશ જે. માહેશ્વરી, કન્વીનર<br>શ્રી જગદીશ કે. નાહટા, સહ-કન્વીનર | શ્રી દર્શન એ. ઇસરાણી, કોષાધ્યક્ષ અને એક્સ ઓફીસીઓ |
| ૧૩ | કન્વેન્શન સેન્ટર કમિટિ :<br>શ્રી દિનેશ ગુપ્તા, કન્વીનર<br>શ્રી દિપક પારખ, સહ-કન્વીનર | શ્રી અનિલ કુમાર જૈન, પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |
| ૧૪ | બંધારણ :<br>શ્રી દિનેશ ગુપ્તા, કન્વીનર<br>શ્રી દિપક પારખ, સહ-કન્વીનર | શ્રી અનિલ કુમાર જૈન, પ્રમુખ અને એક્સ ઓફીસીઓ |
| ૧૫ | જીસીસીઆઇ મહિલા વિંગ :<br>શ્રીમતી ભૈરવીબેન અનિલ જૈન, કન્વીનર<br>ડો. રિયા દયારામાણી, સહ-કન્વીનર | સર્વ પદાધિકારીઓ |

## (ડી). **પેટા સમિતિઓની સંક્ષિપ્ત કામગીરી :**

સંકુલની સમસ્યાઓને વાચા આપવા અને શહેરમાં મહત્તમ માળખાકીય સવલતો ઉપલબ્ધ થાય તેમજ ચેમ્બરની પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તરે તે હેતુથી વિવિધ પેટા સમિતિઓનું ગઠન કરવામાં આવ્યું છે, જેથી સંબંધિત મુદ્દાઓની અસરકારક અને પરિણામલક્ષી રજુઆત કરવાનું આસાન રહે. વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીઓ ચેમ્બરના હોદ્દેદારો સાથે સતત સંપર્કમાં રહી સમિતિના અન્ય સભ્યો સાથે વિચાર વિમર્શ કરી નિર્ણયો લઇ આનુષંગિક કાર્યવાહી હાથ ધરે છે. કન્વીનરશ્રીઓના દીર્ઘકાલીન અનુભવ તેમજ વિષયમાં પારંગતતાને કારણે આપણી રજુઆતનો સકારાત્મક પડઘો પડે છે. આપણી પ્રવૃતિઓની ફલશ્રુતિ પેટા સમિતિઓની પ્રશંસનીય કામગીરીને આભારી છે. વિવિધ પેટા સમિતિઓની કામગીરી આ પ્રમાણે છે.

### ૧). **લેન્ડ પેટા સમિતિ**

આ સમિતિના એક્સ ઓફીસીઓ, કન્વીનર શ્રી દિનેશ ગુપ્તા અને સહ કન્વીનરો શ્રી મહેશ તિર્થાણી અને શ્રી મહેશ પુજના સહિયારા પ્રયાસોથી બેઠકો યોજાય જ છે. હાલમાં જ ટેમ્પના ડાયરેક્ટર શ્રીમતી અનુરાધા શર્મા અને રાજયના શિપિંગ મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાને વર્તમાન સમયમાં વૈશ્વિક મંદીના કપરા સમયમાં જયારે વેપાર ઉદ્યોગ આર્થિક તંગીનો સામનો કરી રહયો છે ત્યારે કંડલા પોર્ટની લેન્ડ પોલીસીમાં જમીનના અન્યાયી દરની સમીક્ષા કરી ફેર વર્ગીકરણ કરી આ દરો ૨૦-૩૦% ઓછા કરી પોર્ટ ધ્વારા હાલમાં કરવામાં આવેલી ભાડાવધારાની દરખાસ્ત પરત ખેંચી જમીન અને પ્લોટોના ખામીયુક્ત વર્ગીકરણને રદબાતલ કરી નવી લેન્ડ પોલીસી બનાવી પુનઃવર્ગીકરણ કરવા રજુઆત કરાયેલ છે.

આ ઉપરાંત શિપિંગ મંત્રાલયના અધિક સચિવશ્રી સંજય બંડોપાધ્યાય જયારે કંડલાની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેમની સાથે ગાંધીધામ સ્થિત એ.ઓ. કચેરી ખાતે ગાંધીધામ ચેમ્બર્સ તથા અન્ય પોર્ટ યુઝર્સ સાથે સમીક્ષાત્મક બેઠક યોજી તાજેતરના જમીનના ભાડાપટ્ટાના વધારા બાબતે અને પોર્ટને લગતા વિવિધ મુદ્દા ઉપર ચર્ચા કરી હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં ગાંધીધામ ચેમ્બર પ્રમુખશ્રી અનિલ કુમાર જૈન, ઉપ પ્રમુખશ્રી તેજાભાઇ કાનગડ, માનદ મંત્રીશ્રી આશિષ જોષી, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ સર્વશ્રી દિનેશ ગુપ્તા અને શ્રી કે.એમ. ઠક્કરે ભાગ લીધો હતો.

### ૨). **પોર્ટ એન્ડ કસ્ટમ્સ પેટા સમિતિ :-**

આ સમિતિના એક્સ ઓફીસીઓ, ક્ન્વીનરશ્રી સંજય ગાંધી અને સહ ક્ન્વીનર શ્રી મયંક આર. સીંઘવી ધ્વારા ડીપીટી સમક્ષ ટ્રેડને સ્પર્શતા પ્રશ્નોમાં સક્રિય રસ લઇ તેનું નિરાકરણ લાવવાના પ્રયાસ કરાઇ રહયા છે. ગત સામાન્ય સભામાં આ સમિતિએ કરેલ કાર્યવાહીની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી, જેમાં મુખ્યત્વે ડીપીટી ધ્વારા આયોજિત ચેમ્બર સહિત વિવિધ સંગઠનોની બેઠકમાં લીઝ રીન્યુ કે ટ્રાંસફર કરવા સહિતના અન્ય પ્રશ્નો અંગે રજુઆત કરાઇ હતી. સળંગ ચાર લોકડાઉનના સમયે ફોર્સ મેજરની અવધિને લંબાવવા માટે શિપિંગ મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાને પત્રો ધ્વારા તથા વિડિયો કોન્ફરન્સીંગમાં રજુઆત કરાઇ હતી, જેથી આયાતકારો અને નિકાસકારોને રાહત મળી શકે. ઉપરાંત લોકડાઉન સમયે સી.એફ.એસ. ના ચાર્જીસના વસુલવા માટે સીબીક્ના ચેરમેનશ્રીને પત્ર લખી રજુઆત કરેલ. કસ્ટમ બ્રોકર એસોસીએશન ધ્વારા કરાયેલ રજુઆત અનુવ્યે ગાંધીધામ ચેમ્બરે વાણિજય મંત્રાલયના સ્પેશિયલ સેક્રેટરી લોજિસ્ટિક્ને પત્ર પાઠવી આ પરિસ્થિતિમાં વિવિધ ચાર્જ વસુલવા તે ટ્રેડના હિતમાં ન હોવા વિષે રજુઆત કરવામાં આવી હતી.

ડીપીટી ચેરમેનશ્રીને સંકુલમાં વે-બ્રીજોની અછત અને મરામત વિષે, સંકુલની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા સી.એસ.આર. હેઠળ ડીસીલીનેશન પ્લાન્ટ સ્થાપવા તથા ગાંધીધામ ટાઉનશિપ ફરતે રીંગ રોડનું બાંધકામ કરાવવા બાબતે પત્રો પાઠવી રજુઆત કરવામાં આવેલ.

કંડલાની લીઝ રેટના ભાવવધારા બાબતે દિનદયાળ પોર્ટ ભાડાપટ્ટે આવેલી જમીનના દરોમાં વધારો કરવાની દરખાસ્ત કરી ત્યારે ગાંધીધામ ચેમ્બર ધ્વારા ટેરીફ ઓથોરીટીના ડાયરેક્ટર મિસ. અનુરાધા શર્માને પત્ર લખી આ વૈશ્વિક મંદીના કપરા સમયમાં જયારે વેપાર ઉદ્યોગ આર્થિક તંગીનો સામનો કરી રહયો છે ત્યારે આ દરો ૨૦-૩૦% ઓછા કરી દિનદયાળ પોર્ટ લેન્ડ પોલીસીની પુનઃ સમીક્ષા કરે અને પોર્ટ ધ્વારા હાલમાં કરવામાં આવેલી ભાડાવધારાની દરખાસ્ત પરત ખેંચી અને જમીન અને પ્લોટોના ખામીયુક્ત વર્ગીકરણને રદબાતલ કરી નવી લેન્ડ પોલીસી બનાવવા અને પુનઃવર્ગીકરણ કરવા અનુરોધ કર્યો હતો. પોર્ટના આંતરિક અને બાહીય રસ્તાઓના સમારકામ, સ્ટ્રીટ લાઇટ, સી.સી.ટી.વી. કેમેરા અને પાર્કિંગની વ્યવસ્થા વધારવા તથા અકસ્માતોના નિવારણ માટે રસ્તાઓ પરના કટને બંધ કરવા સહિતના મુદ્દાઓ પત્ર ધ્વારા પાઠવી રજુઆત કરેલ.

આ ઉપરાંત ડીપીટી ચેરમેનશ્રીને કાર્ગો હેન્ડલીંગમાં દેશના અન્ય મહાબંદરોની તુલનાએ પ્રથમ ક્રમાંકની સિધ્ધિ પુનઃ પ્રાપ્ત કરવા બદલ ચેરમેનશ્રી અને પોર્ટના સમગ્ર વહીવટીતંત્રને ચેમ્બર તથા સંલગ્ન તમામ સ્ટેક હોલ્ડરો વતી અભિનંદનનો પત્ર પાઠવવામાં આવેલ અને ચેરમેનશ્રીએ તે બદલ ગાંધીધામ ચેમ્બરને પાઠવેલ અભિનંદન અને સાંપડવામાં આવેલા સહયોગ માટે ધન્યવાદનો પત્ર પાઠવેલ.

## ૩). <u>રેલ્વે - સોલ્ટ પેટા સમિતિ</u> :-

આ સમિતિના એક્સ ઓફીસીઓ, ક્ન્વીનરશ્રી પારસમલ નાહટા અને સહ ક્ન્વીનરો સર્વશ્રી બચુભાઇ ડી. આહિર અને રાકેશ કુમાર જૈન ધ્વારા યોજાયેલ બેઠક દરમ્યાન રેલવે ટ્રાફિક ગુડસમાં વધારો કરવા, બે પોઇન્ટ રેક્નું લોડીંગ ઉપરાંત મીની રેક ફાળવવા, ખાદ્ય તેલ અને નમકનું કલબીંગ કરવા, ફ્રેઇટ વોલ્યુમ વાધરવા અને સોલ્ટ રેક ઉપર લાદવામાં આવેલ ડેમરેજ ચાર્જીસ ઘટાડવા બાબતે પશ્ચિમ રેલ્વેના સીનીયર ડી.સી.એમ.અને ડી.આર.એમ. શ્રી દિપક ઝા ને કરવામાં આવેલ છે.

આ ઉપરાત યાત્રિકોને સ્પર્શતા પ્રશ્નો જેવા કે સયાજીનગરી અને કચ્છ એક્સપ્રેસ ટ્રેનોમાં એલ.બી.એચ કોચ જોડવા, ગાંધીધામ દિલ્હી વચ્ચે એ.સી. એક્સપ્રેસ ટ્રેન ફાળવવા, ગાંધીધામ- અમદાવાદ વચ્ચે પુનઃ ઇન્ટરસીટી ટ્રેશ શરૂ કરવા તેમજ સમગ્ર દેશમાં લાગુ કરાયેલ લોકડાઉનથી હાલ આલા હઝરત ટ્રેન નં. ૧૪૩૧૧-૧૨ અને ૧૪૩૨૧-૨૨ ની જે સેવાઓ બંધ છે તેને પુનઃશરૂ કરવા બાબતે રેલ્વે મંત્રીશ્રી પિયુષ ગોયલને કચ્છમાં બે મોટા બંદરગાહ હોવાના નાતે અને કાસેઝ, ઇફકો, ઓઇલ, સોલ્ટ, ટીમ્બર, સ્ટીલ, ખાણ ખનિજ અને પ્લાયવુડ જેવી વિવિધ ઇન્ડસ્ટ્રીઓ સ્થાપિત હોવાના નાતે રોજગારી મેળવવા અર્થે મોટા ભાગે ઉત્તર ભારતના વિવિધ રાજયોમાંથી મોટી સંખ્યામાં આવનાર શ્રમિક વર્ગ કચ્છમાં વસવાટ કરે છે અને લોકડાઉનથી મોટાભાગના શ્રમિક વર્ગ પોતાના માદરે વતન ચાલ્યા ગયા છે જેઓને પાછા બોલવવા પશ્ચિમ અને ઉતર વિભાગથી લોકડાઉન પશ્ચાતની પરિસ્થિતિને ધ્યાને રાખતા આ સેવાઓ પુનઃ શરૂ કરવામાં આવે તેવી રજુઆત કરાયેલ છે.

૪). **સ્ક્રુટીની** :-

આ સમિતિના એક્સ ઓફીસીઓ, કન્વીનર શ્રી મહાદેવ રાજાણી અને તેમના સહયોગી સભ્યો સર્વશ્રી મુરલીધર જગાણી અને કમલેશ રામચંદાણી ધ્વારા દર મહિને ગાંધીધામ ચેમ્બર ભવનમાં યોજાનાર બેઠકોમાં ગાંધીધામ ચેમ્બરના સભ્યપદ બનવા માટે આવનાર વિવિધ ક્ષેણીઓ-કેટેગરી ધરાવતી નવી અરજીઓની ચકાસણીનું કાર્ય કરે છે તથા સભ્યો ધ્વારા પોતાની વર્તમાન પેઢીના નામમાં ફેરફાર અથવા પ્રતિનિધિના નામમાં ફેરફાર કરવા માટે આવેલ અરજીઓની વિગતોની ચકાસણી અંગેનું કાર્ય કરે છે, જેને આ સમિતિ ધ્વારા પ્રથમ મંજુરી અપાયા બાદ તે અરજીઓને કાર્યવાહક સમિતિના સભ્યો ધ્વારા મંજુરી અર્થે દર મહિને યોજાતી કાર્યવાહક સમિતિના એજન્ડામાં રજુ કરાય છે.

૫). **બુલેટીન / રિસેપ્શન પેટા સમિતિ** :-

આ સમિતિના કન્વીનર શ્રી મુરલીધર જગાણી અને સહ કન્વીનર શ્રી હરીશ જે. માહેશ્વરીએ જણાવ્યું કે, ગાંધીધામ ચેમ્બર ધ્વારા અગાઉ માસિક બુલેટીન (ઇ-મેઇલ ધ્વારા) બહાર પડાતું હતું પણ સભ્યશ્રીઓને રોજ-બ-રોજની અદ્યતન અને તાજી માહિતીઓ એક-બે દિવસના અંતરે પ્રાપ્ત થાય તે આશયથી તેમાં નવીનતા લાવી તેને ઈ-બુલેટીનના રૂપમાં સૌ સભ્યશ્રીઓને ઇ-મેઇલ ધ્વારા માહિતીઓ પાઠવવામાં આવતી હતી.

આપ સૌને વિદિત જ હશે કે, વર્તમાન સમયમાં કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના કારણે સરકારશ્રી ધ્વારા બહાર પડાયેલ માર્ગદર્શિકાઓનું પાલન કરવાનું હોવાથી ચેમ્બર ભવન ખાતે સભાઓ, સેમીનાર કે બેઠકોનું આયોજન ઉપર પ્રતિબંધ છે, જેથી હાલ સભ્યો સાથે વિડિયો કોન્ફરન્સ કે વેબિનારના સ્વરૂપે બેઠકો યોજાય છે જેની માહિતી ગાંધીધામ ચેમ્બર ધ્વારા અખબારી યાદી સ્વરૂપે માનનીય સભ્યશ્રીઓ સુધી પહોંચાડવાના પ્રયાસ કરાય છે. ગાંધીધામ ચેમ્બરના બુલેટીનને વધુ સૂદ્રઢ, ઉપયોગી અને પ્રસિધ્ધિ અપાવવા માટે સભ્યશ્રીઓના સૂચન આવકાર્ય છે જેને તેઓ લેખિત અથવા ઇ-મેઇલ ધ્વારા ચેમ્બર કાર્યાલયને મોકલી શકે છે.

૬). **પીજીવીસીએલ - ટેલિકોમ્યુનીકેશન પેટા સમિતિ** :-

આ સમિતિના એક્સ ઓફીસીઓ, કન્વીનર શ્રી પારસમલ નાહટા અને સહ કન્વીનરો સર્વશ્રી મહાદેવ રાજાણી અને હરીશ જે માહેશ્વરી ધ્વારા ચેમ્બર ભવન મધ્યે પીજીવીસીએલને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ ઉપર અધિકારીઓ સમક્ષ રજુઆતો કરાઇ હતી જેમાં મુખ્યત્વે રજુ કરાયેલ મુદ્દાઓમાં બીલોની મુદતમાં વધારો કરીને પેનલ્ટી અને વ્યાજને ન ચાર્જ કરીને તેમાંથી છૂટ આપવા, ડિપોઝીટ રીફંડના પડતર કેસોના નિરાકરણ અને હાલની સ્થિતિ જણાવવા, નવા સબ સ્ટેશન વિશેષરૂપે ચોપડવા અને પડાણા વિસ્તારની થયેલ પ્રગતિની માહિતી પાઠવવા, ચોપડવા અને આજુબાજુમાં વિદ્યુત વિક્ષેપ, કિડાણા વિસ્તારના આઇ.ઓ.સી. ફીડર અને ગાંધીધામ-આદિપુરના પડતર અન્ડરગ્રાઉન્ડ કેબલીંગના પ્રકલ્પની પ્રગતિ જેવા મુદ્દાઓ સંદર્ભે રજુઆતો થઇ હતી.

બેઠક દરમ્યાન પીજીવીસીએલના અધિકારી શ્રી એચ.આર કડોધરા ધ્વારા જણાવેલ કે અવારનવાર મોટા ટ્રેલરો વીજથાંભલાને નુકશાન પહોચાડે છે જેના લીધે વિજ પુરવઠો ખોરવાય છે, વિજ લાઇનને નડતરરૂપ વૃક્ષો કાપવા જતા ગ્રાહકો ધ્વારા સહકાર મળતો નથી અને બાકી નીકળતા લેણાંની રકમની ચુકવણીમાં પણ વિલંબ થાય છે, જે માટે તેમણે આ બાબતે ગાંધીધામ ચેમ્બર ધ્વારા જાહેર જનતાને જાગૃત કરે તેવી અપીલ કરી હતી.

ગામઃ ચોપડવા મધ્યે અવારનવાર પડનાર વિજ વિક્ષેપ બાબતે પણ રાજકોટ સ્થિત પીજીવીસીએલના એમ.ડી. કું. શ્વેતાને પત્ર પાઠવી સોલ્ટ રીફાઇનરીઓને થનાર આર્થિક નુકશાની બાબતે રજુઆત કરેલ અને બેઠક દરમ્યાન અંજાર વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ ઇજનેરશ્રી એ.એસ. ગર્ગાનું પણ આ બાબતે તેમનું ધ્યાન દોરાયેલ.

આ ઉપરાંત જીટીપીએલ બ્રોડબેન્ડનું કનેક્શન ધરાવતા ગ્રાહકોને પણ સુવિધાયુક્ત અને ઝડપી ગતિની સેવાઓનો અભાવ તેમજ ગ્રાહકો ધ્વારા દાખલ કરાયેલ ફરિયાદો પ્રત્યે પ્રત્યુતર પાઠવવામાં આવતું નથી તેવી રજુઆત પત્ર ધ્વારા રાજકોટ મુકામે સ્થિત જીટીપીએલ હાથવે, લિ. ને કરાયેલ છે.

## ૭). <u>બેકીંગ ટેક્ષેસન પેટા સમિતિ</u> :-

આ સમિતિના એક્સ ઓફીસીઓ, ક્ન્વીનર શ્રી દિનેશ ગુપ્તા અને સહ કનવીનર શ્રી કમલેશ જી. રામચંદાણી ધ્વારા ગાંધીધામ ચેમ્બર ખાતે યોજાયેલ બેઠકો દરમ્યાન વેપારીઓને થનાર સમસ્યાઓ વિષે નિરાકરણ લાવવા પ્રયાસો કરાયેલ છે જેમાં તાજેતરમાં જ નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને સર્વિસ ટેક્ષ ડિપાર્ટમેન્ટ તરફથી વેપારીઓ અને એસોસીએશનોને જે સમન્સ પાઠવવામાં આવેલ છે તેને મુલતવી રાખવા રજુઆત કરાયેલ છે, કારણ કે વર્તમાન સમયમાં સમગ્ર દેશમાં ફેલાયેલ વૈશ્વિક મહામારીથી વેપાર-ઉદ્યોગ આર્થિક મંદીમાંથી પસાર થઇ રહ્યું છે અને સરકારશ્રી પણ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા માટે પુરતા પ્રયાસ કરી રહી છે ત્યારે અપ્રત્યક્ષ કર વેરા વિભાગ વેપારીઓને સમન્સ પાઠવીને મુશ્કેલીઓ ઉભી કરી રહી છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને રાજ્ય ટેક્સના ચીફ કમિશ્નરશ્રી જે.પી. ગુપ્તાને વેરા સમાધાન યોજના પુનઃ શરૂ કરવા રજુઆત કરેલ છે.

## ૮). <u>બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન</u>

ઉપરોક્ત બાબતે ગત અર્ધ વાર્ષિક સામાન્ય સભામાં અપાયેલ માહિતી મુજબ રીનોવેશન માટેની પ્રક્રિયા જે માર્ચ મહિનાથી શરૂ થયેલ હતી, તે કોરોના વાયરસ ના લીધે ઠપ્પ થઇ ગઇ હતી. પણ સમય જતા અને સરકારશ્રી ધ્વારા અનલોક જાહેર કરાતા ગુજરાત અને અન્ય રાજ્યોમાં વેપાર-ઉદ્યોગ, ફેક્ટરીઓ અને નાના-મોટા પાયે કામ કરતા શ્રમિકોને રોજગારની છૂટ અને રાહત મળવાથી રીનોવેશન માટેની અટકેલી પ્રક્રિયા પુનઃ શરૂ થઇ ગયેલ છે, જે એકાદ-બે મહિનામાં સંપૂર્ણ થઇ જશે.

## ૯). <u>ઇન્ડસ્ટ્રી / કાસેઝ / એમએસએમઇ પેટા સમિતિ</u> :-

આ સમિતિના ક્ન્વીનર શ્રી મોહનલાલ ગોયલ અને સહ ક્ન્વીનર શ્રી હરીશ જે. માહેશ્વરી તેમજ આમંત્રિત સભ્યો સાથે ચેમ્બર ભવન મધ્યે બેઠક દરમ્યાન કંડલા એસ.ઇ.ઝેડ ખાતે ઔદ્યોગિક પ્લોટમાં લીઝ ભાડાના અતિશય વધારા બાબતે ઉદ્યોગ અને વાણિજય મંત્રીશ્રી પિયુષ ગોયલને લીઝ રેન્ટના દર નકકી કરવા તેમજ લીઝ ડીડ રીન્યુલ અને ટ્રાંસફર બાબતે કાસેઝ તરફથી ચેમ્બરને કરાયેલ રજુઆત બાબતે ધ્યાન દોરેલ.

આ ઉપરાંત એમએસએમઇ ક્ષેત્ર બાબતે પણ ગાંધીધામ ચેમ્બર ધ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને નાના અને લઘુ ઉદ્યોગોમાં ઘરેલું રોકાણને પ્રોત્સાહિત કરવા સૂચન કરેલ કે હાલમાં લીસ્ટેડ કંપનીઓને વિદેશી વેન્ચર્સ અને પ્રાઇવેટ ઇક્વીટી ભંડોળો ધ્વારા પુરતા નાણા મળે છે, જયારે અનલીસ્ટેડ અને એમ.એસ.એમ.ઇ. એકમો ઘરેલું રોકાણકારો પાસેથી ઇક્વીટી ફંડ આકર્ષિત કરવા સક્ષમ નથી હોતા, જેથી આ ક્ષેત્રમાં આવા ઘરેલું રોકાણોને આર્કષી તથા પ્રોત્સાહિત કરી તેને ઇક્વીટી પ્રણાલીમાં વાળવાથી લાંબા ગાળાના પરિણામો પ્રાપ્ત કરી શકાશે.

ચેમ્બર ધ્વારા કેન્દ્રીય નાણાપ્રધાનશ્રીને સૂચન કરાયેલ કે, ખાનગી વ્યવસાયોમાં ઘરેલું રોકાણોનાં પ્રવાહને પ્રોત્સાહિત કરવા આવા રોકાણોને લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) માંથી ૭ થી ૧૦ વર્ષ માટે મુક્તિ આપી વધારે લાભદાયક બનાવી શકાય છે. હાલમાં વિદેશી સાહસોના મૂડી રોકાણોને પહેલેથી જ છૂટછાટો આપવામાં આવી રહી છે. અનલીસ્ટેડ એકમોમાં થતા આવા ઇક્વીટી રોકાણો અર્થતંત્રની પ્રણાલીને આયામ આપી વધુ રોજગારીનું સર્જન કરશે અને અર્થતંત્રને ઉંચી વૃધ્ધિ તરફ દોરી જશે. તે ઇક્વીટી સંસ્કૃતિને પ્રોત્સાહિત કરશે જે આર્થિક પુનરૂત્થાન અને વિકાસ માટેનું અંતિમ લાંબાગાળનું સમાધાન ગણાશે, જેથી આપણા ભારત દેશને આત્મનિર્ભર - પાંચ ટ્રીલીયનના સ્વપ્નને સાકાર કરવા અને વધુ એકમોને તાકીદે

કાર્યાન્વિત કરવા ગાંધીધામ ચેમ્બર ધ્વારા રજુ કરાયેલ સૂચનનો અભ્યાસ કરી યોગ્ય રીતે અમલ કરાવવા જણાવેલ.

## ૧૦). ટ્રાન્સપોર્ટ - ઈન્સ્યુરન્સ પેટા સમિતિ :-

આ સમિતિના કન્વીનરશ્રી કમલેશ જી. રામચંદાણી, સહ કન્વીનરશ્રી જયેશ આર. રાજદે અને હરીશ જે. માહેશ્વરીએ ઉપરોક્ત પેટા સમિતિ ધ્વારા કરાયેલ પ્રયાસોની વિગતો આપતા જણાવ્યું કે, માલવાહક વાહનોમાં વેરા માફીની મુદત લંબાવવા બાબતે રાજયના વાહન વ્યવહાર મંત્રીશ્રી આર.સી. ફળદુને રજુઆતમાં જણાવેલ કે ટ્રાંસપોર્ટ વ્યવસાય એ અર્થતંત્રની ગતિને વેગ આપનાર વ્યવસાય છે, પરંતુ અત્યારે આ વ્યવસાય કોવિડ-૧૯ ના લોકડાઉનો, મજૂરોનું વ્યાપક સ્તરે અન્ય રાજયોમાં સ્થળાંતર, લોકડાઉન પછીની સ્થિતિમા ઉદભવેલી અન્ય સ્ત્રોતોની અછત, વધતા જતા કોરોનાના સંક્રમિત કેસોથી ઉભો થયેલ ભય વિ. કારણોસર આ વ્યવસાયમાં મોટા પાયે મંદી જેવો માહોલ ફેલાયેલ છે ત્યારે તેના અસ્તિત્વને ટકાવી રાખવા માટે આવા કપરા સમયે રાજય સરકારશ્રી તરફથી વિશેષ રાહતની અપેક્ષા છે, તેવી રજુઆત કરાયેલ છે.

## ૧૧). નગરપાલિકા પેટા સમિતિ :-

આ સમિતિના કન્વીનર શ્રી હરીશ જે. માહેશ્વરી અને સહ કન્વીનર શ્રી જગદીશ કે. નાહટા ધ્વારા યોજાયેલ વિવિધ બેઠકો દરમ્યાન ચર્ચાયેલ મુદાઓમાં મુખ્યત્વે ગાંધીધામ વિસ્તારનાં રોડ, રસ્તા, લાઇટીંગ અને પાર્કિંગ સુવિધા બાબતે સંબંધિત તંત્રોને પત્ર પાઠવી રજુઆત કરવા નકકી કરવામાં આવેલ હતું.

ગાંધીધામ ચેમ્બર ધ્વારા કરાયેલ રજુઆતમાં હાલમાં ચોમાસાની ઋતુ પછીથી શહેરના મુખ્ય અને આંતરિક રસ્તાઓની અત્યંત ખરાબ હાલત, ઠેરઠેર ખાડાઓ અને ગાબડાઓની સાથોસાથ અપૂરતી સફાઇનો અભાવ અને ગંદગી ઉપરાતં ઘણા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટ ન હોવાથી અથવા બંધ પડેલ હોવાથી રાત્રિ દરમ્યાન અંધકારમય રહે છે.

હાલમાં દિપાવલી અને નૂતન વર્ષના તેહવારો છે ત્યારે આપશ્રીને શહેરના રસ્તાઓનું તાત્કાલિક ધોરણે પધ્ધતિસર સમારકામ થાય અને શહેરના દરેક વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટ ચાલુ કરવા, ગંદકી દૂર કરવા માટે ખાસ અભિયાન ચલાવવા, શહેરના મુખ્ય માર્ગો ઉપર પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવા જેવા અગત્યના મુદાઓ ઉપર રજુઆત કરાયેલ, જેથી આપણા શહેરમાં પાયાની અને પ્રાથમિક સુવિધાઓનો અભાવ ન રહે.

## ૧૨). ચેમ્બર ધ્વારા વેપારીઓ માટે શરૂ કરાયેલ હેલ્પ ડેસ્ક

કારોબારી સમિતિમાં થયેલા સૂચનો મુજબ હેલ્પ ડેસ્કની રચના કરવામાં આવી હતી જેથી ચેમ્બરના સભ્યો પ્રશ્નો-સમસ્યાઓ જણાવી શકે અને હેલ્પ ડેસ્ક સમિતિ તેનો વહીવટી તંત્ર સાથે સંકલન સાધી યોગ્ય નિરાકરણ કરી શકે. આ હેલ્પ ડેસ્કમાં નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવી હતી.

૧) શ્રી આશિષ જોશી, માનદ મંત્રીશ્રી અને કન્વીનરશ્રી
૨) શ્રી મુરલીધર જગાણી, સભ્ય ૩) શ્રી નંદલાલ ગોયલ, સભ્ય
૪) શ્રી બળવંત ઠક્કર, સભ્ય અને ૫) શ્રી સંજય ગાંધી

લોકડાઉનના કારણે વ્યસ્ક નાગરિકો વોકીંગ કરી શક્તા નથી, જેથી તેમને અનેક મુસીબતોનો સામનો કરવાની ફરજ પડે છે. આવા સંજોગોમાં સરકાર ધ્વારા માર્ગદર્શિકા બહાર પાડીને વયસ્ક નાગરિકોને આવશ્યક સૂચનો સાથે વોકીંગ કરવાની પરવાનગી આપવામાં આવે તેવી માંગ ગાંધીધામ ચેમ્બર ધ્વારા મુખ્યમંત્રીશ્રી તેમજ કેન્દ્રિય ગૃહ સચિવશ્રી અજય કુમાર ભલ્લા સમક્ષ કરાઇ હતી.

રાજય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર ધ્વારા જારી કરવામાં આવતાં જાહેરનામાંની વિસંગતતાઓ અંગે વેપારી વર્ગમાં ઉદભવેલ દ્વિધાઓ અને અસંમજસતાઓનું હેલ્પ ડેસ્ક સમિતિએ વેપારી વર્ગ અને તંત્ર સાથે સંકલન સાધી સ્થિતિ સ્પષ્ટ કરી હતી. લોકડાઉન ખુલતાં અલગ અલગ ટ્રેડ જેવા કે ઇલેક્ટ્રીકલ,

પ્લાયવુડ, ટાયર, ગેરેજ તથા અન્ય જનરલ વ્યવસાયો માટે કોવિડ પ્રોટોકોલ સાથેની પરવાનગીઓ લેવડાવવા માટે તંત્ર સમક્ષ સફળતાપૂર્વક રજુઆત કરેલ.

હેલ્પ ડેસ્ક અંતર્ગત સમિનિા સભ્યો ધ્વારા સંબંધિત તંત્ર પાસેથી વ્યક્તિઓ, સંસ્થાનો અને વાહનોના પાસ કઢાવવા તથા મજૂરોના સ્થળંતાર વખતે તેમને સહાયરૂપ થવા ફૂડ પેકેટના વિતરણ જેવી મહત્વની કામગીરી સુચારૂરૂપે તંત્ર સાથેના સંકલન ધ્વારા સાધી હતી. આ ઉપરાંત સબ રજીસ્ટ્રાર ઓફીસોની કામગીરી પુનઃ શરૂ કરવા સંદર્ભે મુખ્યમંત્રીશ્રી તેમજ મહેસુલ મંત્રીશ્રીનું ધ્યાન દોરી રજુઆત કરવામાં આવેલ. ફેક્ટરીઓ અને દુકાનો ખોલવાની પરવાનગી મેળવવા માટે સ્થાનિક વહીવટીતંત્ર સાથે બેઠકો યોજી યોગ્ય રજુઆત કરવામાં આવેલ હતી અને સંબંધિત અધિકારીશ્રીઓને પત્ર ધ્વારા રજુઆત કરવામાં આવેલ.

ઉપરોક્ત સમગ્ર સંચાલન સાધવામાં સ્થાનિક વહીવટીતંત્ર જેવું કે, ડી.એમ., એસ.ડી.એમ, મામલતદાર, પોલીસતંત્ર તથા અન્ય સરકારી કચેરીથી સંકુલની માતૃસંસ્થા એવી આપણી ચેમ્બરને ખૂબજ સારો પ્રતિભાવ અને સહકાર સાંપડેલ.

## (ઇ). <u>વિવિધ સમિતિઓ પર ચેમ્બરનું પ્રતિનિધિત્વ</u> :-

### ૧). <u>ગાંધીધામ સ્ટેશન સલાહકાર સમિતિ</u>

ગાંધીધામ સ્ટેશન સલાહકાર સમિતિ પર ગાંધીધામ ચેમ્બર ધ્વારા પૂર્વ ઉપ પ્રમુખ અને વર્તમાન કારોબારી સમિતિના સભ્ય શ્રી નંદલાલ આર. ગોયલની તા. ૧.૧.૨૦૨૦ થી તા. ૩૧.૧૨.૨૦૨૧ સુધી નિમણૂંક કરાઇ છે.

### ૨). <u>પ્રાદેશિક ઉપભોક્તા સલાહકાર સમિતિ (ઝેડઆરયુસીસી મુંબઇ)</u>

ઉપરોક્ત સમિતિ પર ગાંધીધામ ચેમ્બર ધ્વારા ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રી અને વર્તમાન કારોબારી સમિતિના સભ્ય શ્રી બચુભાઇ ડી. આહિરની ડિસેમ્બર-૨૦૨૦ થી નવેમ્બર-૨૦૨૨ ની સમયાવધિ માટે ભલામણ કરાઇ છે.

### ૩). <u>પશ્ચિમ રેલ્વેની વિભાગીય ઉપભોક્તા સલાહકાર સમિતિ (ડી.આર.યુ.સી.સી.)</u>

ઉપરોક્ત સમિતિ પર ગાંધીધામ ચેમ્બર ધ્વારા પૂર્વ પ્રમુખ અને વર્તમાન કારોબારી સમિતિના સભ્ય શ્રી પારસમલ નાહટાની તા. ૧.૧૦.૨૦૧૯ થી તા. ૩૦.૦૯.૨૦૨૧ સુધીના સમયગાળા માટે નિમણૂંક કરવામાં આવી છે.

### ૪). કમિશ્નર ઓફ સેન્ટ્રલ જીએસટી, ગાંધીધામ માટે PGRC <u>(પીજીઆરસી) સમિતિ પર નિયુક્તી બાબત</u>

ઉપરોક્ત સમિતિ પર ગાંધીધામ ચેમ્બર ધ્વારા પૂર્વ ઉપ પ્રમુખ અને વર્તમાન કારોબારી સમિતિના સભ્યશ્રી મોહનલાલ ગોયલની ૧ વર્ષની સમયાવધિ માટે સર્વસંમતિથી નિમણૂંક કરવામાં આવી છે. જે કોઇ માનનીય સભ્યશ્રીને કચ્છ સંકુલ માટે વેપાર ઉદ્યોગ તેમજ સેન્ટ્રલ જીએસટીને સ્પર્શતા પડતર પ્રશ્નો હોય તેઓ ચેમ્બર કાર્યાલય મોકલાવે, જેથી યોગ્ય રજુઆત કરી શકાય.

### ૫). <u>ડીસ્ટ્રીક્ટ એન્વાયરમેન્ટ કમિટિ</u>

કચ્છના ઔદ્યોગિક વિકાસની સાથોસાથ પ્રદુષણ પર નિયંત્રણ રાખવાના હેતુ સાથે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ ધ્વારા કચ્છ જિલ્લા પર્યાવરણ સમિતિની રચના કરાઇ છે જેમાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને સ્થાન અપાયું છે. ઉપરોક્ત સમિતિ પર ગાંધીધામ

ચેમ્બરને સ્થાન મળવાથી હવે કચ્છના ઉદ્યોગોને સરકાર, ટ્રીબ્યુનલ સમક્ષ ન્યાયિક રજુઆતો કરવામાં સફળતા મળશે.

**(એફ). <u>ચેમ્બર ધ્વારા હાથ ધરાયેલ કામગીરી, ફલશ્રુતિ, સફળતા, સેમીનારો</u> :-**

**<u>સફળતા</u> :-**

**૧). <u>વિવાદ સે વિશ્વાસ સ્કીમની અવધિ વધારવાની માંગણી માન્ય રાખવામાં આવી</u>**

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ઈન્કમટેકસ વિભાગ (આંતરરાષ્ટ્રીય કરવેરા) ના સંયુત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય કરવેરા, સ્થાનાંતરણ ભાવો અને વિવાદ સે વિશ્વાસ યોજના ૨૦૨૦ વિષય ઉપર ગાંધીધામ ચેમ્બર ભવન મધ્યે સેમીનાર યોજાયેલ હતો. આ સેમીનારમાં ઈન્કમટેક્ષ વિભાગના કમિશ્નર શ્રી મહેશ શાહ ઉપસ્થિત હતા. સેમીનાર અંતર્ગત હાલની અર્થવ્યવસ્થાની પરિસ્થિતિ અંતર્ગત ઇઝ ઓફ ડંઇગ બિઝનેસ અતિ આવશ્યક છે, નીતિ, દંડ વગેરેની કાર્યવાહી કરદાતાઓને અને વેપારી આલમને મુંઝવણભરી પરિસ્થિતિઓ વિષે ચર્ચા થઇ હતી. આ સમયે બિનનિવાસી ભારતીયો માટે પણ આયકર સંબંધિત વિવિધ જોગવાઇઓ, સ્થાનાંતરણ ભાવો અને નોન ડિસકલોઝર, ઉચ્ચ દંડ, વગેરે પાસાં વર્ણવ્યા હતા.

તયારબાદ, ગાંધીધામ ચેમ્બર ધ્વારા નાણાપ્રધાન શ્રીમતી નિર્મલા સીતારામનને ઉપરોક્ત બાબતે આવકવેરાના વિવાદોના સરળીકરણ ધ્વારા નિરાકરણ લાવવા માટે બનાવવામાં આવેલ વિવાદ સે વિશ્વાસ સ્કીમની અવધિ ૩૧મી માર્ચ, ૨૦૨૦ સુધી લંબાવવા માટે રજુઆત કરવામાં આવે જેને નાણામંત્રાલય ધ્વારા ગ્રાહય રાખવામાં આવતા ચેમ્બરની માંગણી સંતોષાઇ છે.

આપ સૌને વિદિત જ હશે કે આપણે ત્યાં માર્ચ મહિનાથી કોવીડ-૧૯ વૈશ્વિક મહામારીનો રોગ ફેલાયેલ અને કેન્દ્રીય તેમજ ગુજરાત સરકારશ્રી ધ્વારા આવા રોગચાળા સામે રક્ષણ મેળવવા તેની તકેદારીના રૂપે લાદવામાં આવેલા લોકડાઉનના કારણે લાંબા સમય સુધી બંધ રહેલ વેપાર-ધંધા અને રોજગારથી વેપારીઓને આર્થિક નુકશાની થયેલ. સરકારશ્રીએ સમયાંતરે વેપારીઓને થયેલ આર્થિક નુકશાનીમાંથી ઉગારવા તેમના માટે આર્થિક પેકેજ અને રાહતો પણ આપેલ અને સાથોસાથ કોરોનાને નિયંત્રણમાં રાખવા બહાર પડાયેલ માર્ગદર્શિકાઓનું પાલન કરવા માટે જાહેરાતોની ઘોષણા કરેલ, જે બધી પ્રક્રિયાઓમાંથી આપણે સૌ પસાર થઇ ચુક્યા છીએ અને આ સમયગાળા દરમ્યાન દરેક સ્થળે બેઠકો, સેમીનારો કે કાર્યક્રમો કરવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવેલ.

કોરોના કાળના અગાઉના સમયમાં ચેમ્બર ભવન મધ્યે સમયાંતરે જે નિયમિત બેઠકો અને સેમીનારો યોજાતા હતા તેનું સ્થાન હવે વેબિનાર અને વિડિયો કોન્ફરન્સે લઇ લીધું છે, જેનાથી આપ સૌ પરિચિત હશો જ. આ વસ્તુનો ઉલ્લેખ અહેવાલમાં એટલા માટે કરવામાં આવેલ છે કે સરકારશ્રી ધ્વારા કાર્યક્રમો અને સેમીનારો યોજવા કે ભીડ એકત્ર કરવા માટે પ્રતિબંધ હોવાના કારણે આવા આયોજનો ગોઠવવા અસમર્થ હતા જેથી તૈયાર કરાયેલ અહેવાલમાં દર્શાવેલ વિગતો ઓછી છે.

**૨). <u>કોરોના - લોકડાઉન બાદ ગાંધીધામ ચેમ્બર ધ્વારા થયેલ પ્રશંસનીય કામગીરી</u> :-**

૧. **<u>લોકડાઉન સમયગાળા દરમ્યાન સ્ટોરેજ, ડેમરેજ અને દંડની માફીમાંથી મુક્તિ આપવા બાબતે</u>**
ઉપરોક્ત બાબતે રાજ્યના શિપિંગ મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા સમક્ષ મીનીસ્ટ્રીસ ધ્વારા અપાયેલ દિશા-નિર્દેશોનું સ્થાનિક ડીપીટી કચેરી ધ્વારા પાલન કરવામાં આવતું નથી, તે બાબતે રજુઆત કરવામાં આવેલ

૨. **<u>જિલ્લામાં વધતા જતા કોરોના કેસો સામે હોસ્પિટલની વધુ સુવિધા ઊભી કરવા બાબત</u>**
ઉપરોક્ત બાબતે કચ્છ કલેક્ટર શ્રીમતી પ્રવિણા ડી.કે. ને હાલમાં કચ્છ જિલ્લામાં સંક્રમણના કેસો વધી રહયા છે અને જિલ્લાની વિશાળતા જોતાં પૂર્વ કચ્છમાં એકમાત્ર હરિઓમ

હોસ્પિટલ જ ઉપલબ્ધ હોતાં પુરતા પ્રમાણમાં તબીબ અને નર્સીંગ સ્ટાફ સાથેની હોસ્પિટલ ઉભી કરવા રજુઆત કરાયેલ છે.

૩. **હંગામી ધોરણે ૫૦૦ બેડની સુવિધા વિકસાવવા બાબતે**

ઉપરોક્ત બાબતે ડીપીટીના ચેરમેન શ્રી એસ.કે. મહેતાને કોરોનાથી સંક્રમિત દર્દીઓની સારવાર અને સ્વાસ્થય ખાતર શીઘ્રતાના ધોરણે દાદા ભગવાન ગ્રાઉન્ડ ખાતે ૫૦૦ બેડ ધરાવતી મેડીકલ સુવિધા સાથેની હોસ્પિટલ શરૂ કરવા સૂચન સાથે રજુઆત કરાયેલ.

## ૩). કંડલા એરપોર્ટને વિસ્તરણ સાથે નવી જગ્યા પર ખસેડવા બાબતે

આ બાબતે નાગરિક ઉડ્ડયન વિભાગનો સ્વતંત્ર હવાલો સંભાળતા રાજયમંત્રી શ્રી હરદિપસિંહ પુરીને ગાંધીધામ ચેમ્બર ધ્વારા વિગતવાર રજુઆત કરાયેલ કે કચ્છમાં ભૂકંપ પશ્ચાત ૮૦ થી ૧૦૦ જેટલી નાની મોટી રહેણાંક કોલોનીમાં ૧૫૦૦ થી ૨૦૦૦ મકાનો બંધાયા છે જેમાં અંદાજિત ૫ થી ૬ હજાર લોકો વસે છે અને અમુક મોટી ઇન્ડસ્ટ્રીયલ એકમો પણ કાર્યરત છે.

ભૂકંપ પશ્ચાત કચ્છમાં નવી ઇન્ડસ્ટ્રીઓ કાર્યરત થતાં અને કચ્છમાં કાસેઝ, ઇફ્કો, ઓઇલ, સોલ્ટ, ટીમ્બર, સ્ટીલ, ખાણ ખનિજ અને પ્લાયવુડ જેવી વિવિધ ઇન્ડસ્ટ્રીઓ તેમજ બે મોટા બંદરગાહ સ્થાપિત હોવાના નાતે કંડલાથી અન્ય રાજયો તરફ એર ટ્રાફિક મળી રહેવાની પુરેપુરી શક્યતાઓ છે, જે માટે કંડલા એરપોર્ટને વિસ્તરણ સાથે નવી જગ્યા પર ખસેડવા બાબતે રજુઆત કરેલ છે.

## ૪). ટાગોર રોડ ઉપર થયેલ દબાણોને દૂર કરવા બાબતે

ઉપરોક્ત બાબતે કચ્છ કલેક્ટર શ્રીમતી પ્રવિણા ડી.કે. ને આદિપુર - ગાંધીધામ વિસ્તારનો જે મુખ્ય રોડ છે ત્યાં લારી-ગલ્લા, ફૂલદાન અને ફળો વેચનાર વેપારીઓ ધ્વારા દબાણ કરાયેલ છે જેનાથી ગાંધીધામથી આદિપુર, અંજાર અને મુંદ્રા તરફ જતા વાહનચાલકોને ગંભીર ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડી રહયો છે, જે બાબતે આ માર્ગ પરથી દબાણ હટાવવા રજુઆત કરાયેલ.

## ૫). કચ્છ જિલ્લામાં નવી જીઆઇડીસીની રચના બાબતે

ઉપરોક્ત બાબતે ગાંધીનગર જીઆઇડીસીના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી એમ. થેન્નારસનને ગામઃ ચીરઇ, તા. ભચાઉ-કચ્છ મધ્યે નવી જીઆઇડીસી કચેરીની સ્થાપના કરવા બાબત રજુઆત કરી

## ૬). પૂર્વ કચ્છમાં સીએનજી આઉટલેટ બાબતે

ઉપરોક્ત બાબતે ગાંધીધામ ચેમ્બરને સભ્યશ્રી કચ્છ પેટ્રોલ પંપ ડીલર્સ એસોસીએશન ધ્વારા મળેલ રજુઆતના અનુસંધાને ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને સૂચન કરવામાં આવેલ કે જયારે સરકારશ્રી પ્રદુષણ ઉપર નિયંત્રણ મેળવવા માટે સી.એન.જી ગેસનું ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી રહી છે ત્યારે આ સુવિધા માત્ર પશ્ચિમ ઝોનમાં જ ઉપલબ્ધ હોતાં પૂર્વ ઝોનમાં પણ તેને સ્થાપવામાં આવે તેવું ગાંધીધામ ચેમ્બર ધ્વારા સૂચન કરવામાં આવેલ.

## ૭). કૃષિ જમીનની ખરીદીમાં સરળતા લાવવાના નિર્ણય બાબતે

ઉપરોક્ત બાબતે જયારે ગુજરાત સરકારશ્રી તરફથી પશુપાલન યુનિવર્સિટી, મેડીકલ અને એન્જિનિયરીંગ કોલેજ તથા શૈક્ષણિક સંસ્થાનો સ્થાપવા માટે જમીનોની ખરીદીના સરળીકરણના પ્રગતિશીલ અને ઐતિહાસિક નિર્ણયો તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એક્ટ અને આવશ્યક ચીજ વસ્તુ ધારામાં કરવામાં આવેલ સુધારાથી ખેડૂતો કોઇ પણ દેશમાં કોઇ પણ જગ્યાએ કોઇ પણ વ્યક્તિને પોતાની કૃષિ ઉપજ વેચી શકે તેવા નિર્ણયો ખેડૂતોના પક્ષમાં લેવા બદલ ગાંધીધામ ચેમ્બરે તેને આવકારેલ.

## ૮). ગાંધીધામ શહેરમાં પાણી ભરાવાની સમસ્યા બાબતે

ઉપરોક્ત બાબતે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને દરેક ચોમાસાના સમયે શહેરમાં ઉદભવતી આ કાયમી સમસ્યાના નિરાકરણ માટે શહેરના પાણીના વહેણો, આંતરિક રસ્તાઓ, નાળાઓ અને ગટરોનો તલસ્પર્શી અભ્યાસ કરી પાણીનો યોગ્ય નિકાલ થાય તે હેતુથી આ જાહેરહિતની સમસ્યાને ગંભીરતાથી લક્ષમાં લઇ સંલગ્ન વિભાગોને જરૂરી સૂચના નિર્દેશ આપી સમસ્યાના કાયમી નિરાકરણ લાવવા માટે સૂચન કરેલ છે.

## ૯). ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો વિરુધ્ધ લાવવામાં આવેલ કાયદાઓના સમર્થન બાબતે

ઉપરોક્ત બાબતે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબીનેટ બેઠકોમાં મંજુર કરવામાં આવેલ અધિનિયમોને ગાંધીધામ ચેમ્બરે સહર્ષ આવકારી તેને સમર્થન પાઠવેલ અને આવા મજબૂત નિર્ણાયક નેતૃત્વથી આજે "Ease of doing Business" ક્ષેત્રે દેશ અને વિશ્વ સ્તરે રાજયની આર્થિક અને ઔદ્યોગિક વિશ્વસનીયતામાં વધારા સાથે અર્થતંત્રને વેગ મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## ૧૦). તુણા-જોગણીનાર માર્ગનું કોન્ટ્રાક્ટર ધ્વારા સમારકામ નહિં થવા બાબતે

ઉપરોક્ત બાબતે ભુજ મુકામે માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીને ગાંધીધામ ચેમ્બર ધ્વારા હાલમાં આ વર્ષના ચોમાસાના સારા વરસાદથી અગાઉથી જ જર્જરિત થયેલો આ રોડ અત્યંત ખરાબ થઇ ગયેલ હોતાં હાલમાં આ રોડ મોટરેબલ તો નહિં જ પણ પગપાળા અથવા દ્વિચક્રી વાહન માટે પણ ઉપયોગમાં લઇ શકાય તેમ નથી જે માટે કોન્ટ્રાક્ટની શરતોને આધિન સંલગન કોન્ટ્રાક્ટરને હુકમ કરી નિશ્ચિત સમયમર્યાદામાં પૂર્ણ કરાવવા વિનંતી સાથે અનુરોધ કરાયેલ છે.

## ૧૧). ગાંધીધામ-ચીરઇ સ્ટેશન ખાતે આવેલ રેલ્વે યાર્ડસ પર મીઠાં ઉપર ડેમરેજ માફી બાબતે

ઉપરોક્ત બાબતે પશ્ચિમ રેલ્વેના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલ વિડિયો કોન્ફરન્સમાં ગાંધીધામ ચેમ્બરના સભ્યશ્રી બચુભાઇ આહિરે ચર્ચામાં ભાગ લીધેલ અને જણાવેલ કે રેલ્વે તંત્ર જે ડેમરેજ ચાર્જીસ લગાવે છે તે બધા માટે સરખું લગાડવામાં આવે છે, પરંતુ પરિસ્થિતિ અનુસાર જેમ કે અતિ વરસાદ, કે. મજૂરોની હડતાળ વિગેરે કારણોને લક્ષમાં લઇને તે અનુસાર ડેમરેજ તે પરિસ્થિતિમાં ઓછું લગાડવું જોઇએ, જે માંગણી અંગે પશ્ચિમ રેલ્વેના ચીફ ઓપરેટીંગ મેનેજર શ્રી શૈલેન્દ્ર કુમારને યોગ્ય કરવાની ખાતરી આપેલ.

## સેમીનારની જગ્યાએ વેબિનાર અને વિડિયો કોન્ફરન્સ ધ્વારા યોજાયેલ બેઠકો :-

| | |
|---|---|
| ૧૭.૦૭.૨૦૨૦ | વિડિયો કોન્ફરન્સ - જીએસટીને લગતા મુદ્દાઓની ચર્ચા માટે જામનગર ચેમ્બર આયોજિત વિડિયો કોન્ફરન્સમાં હાજર રહી સૂચનો આપેલ. |
| ૨૧.૦૭.૨૦૨૦ | પ્રિન્સીપાલ - આઇ.ટી.આઇ. ગાંધીધામ - કલાસ-૧, શ્રી જે.બી. મિસ્ત્રી તથા અન્ય અધિકારીઓ સાથે ગાંધીધામ ચેમ્બર ભવન ખાતે સ્ટ્રાઇવ પ્રોજેક્ટની વિગતવાર ચર્ચા કરી. |
| ૨૨.૦૭.૨૦૨૦ | ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ ખાતાનાં નિર્દેશકશ્રી સુપ્રિત ગુંલાટી તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે આઇ.ટી.આઇ. સંલગ્ન સ્ટ્રાઇવ પ્રોજેક્ટ વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. |
| ૦૩.૦૯.૨૦૨૦ | ધ ફોરમ ફોર ઇન્ડીયન પ્રોફેશનલ્સ, ગાંધીધામ ચેમ્બર અને શ્રી અગ્રવાલ વિકાસ મહાસભા ધ્વારા આયોજિત વેબિનારમાં કારોબારી સમિતિના સભ્ય અને સી.એ. શ્રી અનિમેષ મોદી સાથે ચેમ્બર ભવન ખાતે ‘‘અંડરસ્ટેન્ડીંગ ડ્રાફ્ટ ગુજરાત ન્યુ ઇન્ડસ્ટ્રીયલ પોલીસી-૨૦૨૦’’ અંગેનો વેબિનારમાં ભાગ લીધો. મુખ્ય વક્તા તરીકે સી.એ. જી.બી. મોદીએ ઉપરોક્ત ઉદ્યોગ નીતિ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. |

| | |
|---|---|
| ૧૭.૦૯.૨૦૨૦ | બિલ્ડીંગ-કન્સ્ટ્રક્શન પેટા સમિતિ સમક્ષ કોન્સેપ્ટ આર્કીટેક્ટ સ્ટુડિયો અને પંડયા કન્સલટન્સી એમ બે પાર્ટીઓ ધ્વારા ચેમ્બર ભવનની કોન્ફરન્સ હોલ એનેક્ષીના ઇન્ટેરીયર ડિઝાઇનીંગ માટેના પ્રેઝન્ટેશન કરવામાં આવ્યા. સીવીલ ઈજનેર સાથે સ્થળ નિરીક્ષણ અને ચર્ચા-વિચારણા પશ્ચાત અંદાજિત રૂા. ૭.૫૦ થી ૧૦ લાખ સુધીનો જીએમસીબી હોલની છતની મરામત માટેના ખર્ચાનું વિગતવાર એસ્ટીમેટ રજુ કરવામાં આવ્યું, જેમાં બહુમતી સભ્યો ધ્વારા આ પ્રકારનું કામ લાંબા ગાળા માટે ટકાઉ રહી શકે તે પ્રકારનું કામ હાથ ધરવામાં માટે મત વ્યક્ત કરવામાં આવ્યો. |

## જી. <u>અગત્યની બેઠકો</u> :-

## (એ) <u>ગાંધીધામ ચેમ્બરના પ્રતિનિધિમંડળે લીધેલ મુલાકાત</u>

### ૧). શિપિંગ મંત્રાલયના અધિક સચિવશ્રી સંજય બંડોપાધ્યાય સાથે ડીપીટી મધ્યે ગાંધીધામ ચેમ્બરના <u>પ્રતિનિધિમંડળ લીધેલ મુલાકાત</u>

તા.૧૧.૭.૨૦૨૦ ના રોજ શિપિંગ મંત્રાલયના અધિક સચિવશ્રી સંજય બંડોપાધ્યાય કંડલા અને તુણા બંદરની મુલાકાતે આવ્યા હતા ત્યારે ગાંધીધામ ચેમ્બર ધ્વારા રચિત પ્રતિનિધિમંડળે અન્ય પોર્ટ યુઝર્સના સભ્યો સાથે તેમની ગાંધીધામ સ્થિત એ.ઓ. કચેરી ખાતે તાજેતરના જમીનના ભાડાપટ્ટાના વધારા બાબતે અને પોર્ટને લગતા વિવિધ મુદ્દા ઉપર સમીક્ષા બેઠક યોજી હતી.

ચેમ્બર ધ્વારા કરાયેલ રજુઆતમાં અધિક સચિવને ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે, જયારે વડાપ્રધાનશ્રી મોદી કોરોનાની મહામારીથી પડી ભાંગેલ અર્થતંત્રને બેઠું કરવા મેગા રાહત પેકેજ આપી આત્મનિર્ભર બનાવવા માંગે છે ત્યારે આ દુરદષ્ટિતાના સંદર્ભમાં સરકારની આ તમામ નીતિઓ તે જ ભાવના અને ઇરાદા સાથે વેપાર ઉદ્યોગને રાહત મળે તેવી રીતિઓની જોગવાઇ કરવી જોઇએ. હાલમાં ડીપીટી ધ્વારા જમીનોના ભાડામાં જે વધારાની દરખાસ્ત કરવામાં આવી છે તે હાલના વૈશ્વિક મંદીના માહોલમાં અયોગ્ય છે અને તેને પરત ખેંચી હાલના દરોમાં પણ ૨૦ થી ૩૦% ભાડામાં ઘટાડો કરવા સુચવ્યું હતું. તાજેતરમાં થયેલી હરાજીમાં ભાડાપટ્ટાના ખૂબજ ઊંચા ભાવના કારણે હરાજીની પ્રક્રિયા બે વખત કરવી પડી હતી અને તેમાં ભાગ લેવા ઉદ્યોગ સાહસિકો આગળ આવતા ન હોવાથી પોર્ટના વિકાસને ગતિ આપવા માટે હાલમાં ખાલી પડેલા, પુનઃ સંપાદિત કરેલા પ્લોટો અને નવી જમીનો ફાળવવા ઉદ્યોગોને પરવડે તેવા નીચા દરે આપવા અનુરોધ કર્યો હતો.

રહેણાંક વિસ્તારના પ્લોટોને ફ્રી-હોલ્ડ કરવાની જાહેરાત કરવામાં આવી તે જ વખતે વાણિજિયક પ્લોટોને તેમાંથી મુલત્વી રાખવામાં આવેલા તેથી હવે તે પ્લોટોને પણ ફ્રી-હોલ્ડ કરવાની પ્રક્રિયાને તાત્કાલિક હાથ ધરવી જોઇએ. ઉપરાંત શિપિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા ધંધાર્થીઓ પાસેથી વસુલાતા ચાર્જીસને ૩જી જુનની અસરથી ગણાવો જોઇએ, કારણ કે ગૃહ મંત્રાલયના ઓર્ડર નં. ૪૦-૩ ૨૦૨૦-ડીએમ-આઇ(એ)૧૭ મે, ૨૦૨૦ મુજબ ૩ જુન સુધી લોકડાઉનનું સમયગાળો વધારવામાં આવેલ હતો. હાલમાં પોર્ટ પ્રશાસન આ પ્રકારના પોર્ટ ચાર્જીસને ૩૧.૫.૨૦૨૦ ની તારીખથી ગણતરીમાં લેતાં ચાર્જીસના સ્લેબ પ્રમાણે આ વસુલાત પેટે પોર્ટ યુઝર્સને કમરતોડ ફટકો પડી રહયો છે તે આ મંદીના સમયમાં કોઇ રીતે પરવડે તેમ નથી.

ડીપીટી ધ્વારા એસ.આઇ.પી.સી. પણ કાર્યરત થઇ શકે તેમ ન હોવાથી નિષ્ફળ ગયેલ છે, તે ઉડીને આંખે વળગે તેવું હાલનું તાજું ઉદાહરણ છે. પોર્ટના ચાર્જીસ ભરણામાં થયેલ વિલંબ પેટે હાલમાં ડીપીટી ૧૮% જેટલી ઊંચી પેનલ્ટી લગાડે છે તે અન્યાયકર્તા છે. તે ઘટાડીને આવક્વેરાની જોગવાઇ પ્રમાણે ૬% કરવાનું સૂચન કર્યુ હતું. ઉપરોક્ત બધા સૂચનો સાથે ગાંધીધામ ચેમ્બરે હાલની જમીન નીતિની પુનઃ સમીક્ષા કરી મૈત્રીપૂર્ણ નીતિ બનાવવા અનુરોધ કર્યો હતો જેથી મંદીના આ કપરા કાળમાં વેપાર ઉદ્યોગ ધમધમતો થાય અને તે રાષ્ટ્રના હિતમાં પણ જરૂરી જણાવી હતી.

આ મહત્વપૂર્ણ બેઠકમાં ગાંધીધામ ચેમ્બર પ્રમુખશ્રી અનિલ કુમાર જૈન, ઉપ પ્રમુખશ્રી તેજાભાઇ કાનગડ, માનદ મંત્રીશ્રી આશિષ જોષી, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ સર્વશ્રી દિનેશ ગુપ્તા અને શ્રી કે.એમ. ઠક્કરે ભાગ લીધો હતો.

## (બી) ગાંધીધામ ચેમ્બરની મુલાકાતે આવનાર પ્રતિનિધિમંડળ અને ઉચ્ચ અધિકારીઓ સાથે ચેમ્બર ભવન મધ્યે યોજાયેલ બેઠક

### ૧). પશ્ચિમ રેલવે, મુંબઇના પ્રિન્સીપાલ ચીફ ઓપરેટીંગ મેનેજરશ્રી શૈલેન્દ્ર કુમારે ગાંધીધામ ચેમ્બરની લીધેલ મુલાકાત

ગુરૂવાર, તા. ૨૯.૧૦.૨૦૨૦ ના રોજ પશ્ચિમ રેલવે, મુંબઇના પ્રિન્સીપાલ ચીફ ઓપરેટીંગ મેનેજરશ્રી શૈલેન્દ્ર કુમાર ગાંધીધામ કચ્છની મુલાકાત આવ્યા ત્યારે તેમણે ચેમ્બર ભવનની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન રેલ્વેને લગતા ટ્રાફિક અને પ્રવાસીઓને સ્પર્શતા પ્રશ્નો ગાંધીધામ ચેમ્બર ધ્વારા આવેદનપત્ર સ્વરૂપ રજુ કરવામાં આવ્યા હતા, જેમાં મુખ્ય ટ્રાફિકને સ્પર્શતા ટુ પોઇન્ટ વેગન અને મીની રેકની સુવિધા ફાળવવા તેમજ ખાદ્ય તેલ અને નમકની રેકને કલબીંગના મુદ્દાઓ હતા જયારે પ્રવાસી વર્ગને સ્પર્શતા પ્રશ્નોમાં સયાજીનગર અને કચ્છ એક્સપ્રેસ ટ્રેનોમં એલ.બી.એચ. કોચ જોડવા, ગાંધીધામથી દિલ્હી સુધી એ.સી. એક્સપ્રેસ ટ્રેન ફાળવવા, ગાંધીધામ-અમદાવાદ વચ્ચે પુનઃ ઇન્ટરસીટી ટ્રેન શરૂ કરવા ઉપરાંત ગાંધીધામ ચેમ્બરને પ્રતિનિધિત્વ તરીકે ફાળવવામાં આવી ઝેડ.આર.યુ.સી.સી અને ડી.આર.યુ.સી.સી. બેઠકો માટે કાયમી સ્થાન આપવા બાબતે રજુઆતો થઇ હતી.

પધારેલ મહાનુભાવો ધ્વારા દરેક મુદ્દાઓની વિસ્તૃત નોંધ લઇ ઉચિત સ્થળે જ યોગ્ય માર્ગદર્શન પાઠવેલ અને ઉચ્ચ સ્તરે લેવાતા નિર્ણયો માટે તેનું નિરાકરણ લાવવા તત્પરતા દાખવેલ.

## (એચ) પ્રકીર્ણ

### ૧). ચેમ્બરમાં ૭૪માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

રાષ્ટ્રના ૭૪માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે અહીંની અગ્રણી વ્યાપારી સંસ્થા - ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રાંગણમાં ચેમ્બર પ્રમુખશ્રી અનિલ કુમાર જૈનના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં હાલમાં વધતી જતી કોરોના સંક્રમણની પરિસ્થિતિની અનુલક્ષીને ચેમ્બર ભવન ખાતે યોજાતો ઉપરોક્ત ધ્વજવંદનનો કાર્યક્રમ ફક્ત ચેમ્બરના પદાધિકારીઓ અને કર્મચારીગણ ધ્વારા તમામ સભ્યશ્રીઓ અને કારોબારી સમિતિના સભ્યો વતીથી સંપન્ન કરવામાં આવ્યો હતો.

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સૌને શુભેચ્છા પાઠવતા ચેમ્બર પ્રમુખ શ્રી અનિલ કુમાર જૈનએ સંબોધનમાં જણાવ્યું કે, આજે સમગ્ર વિશ્વમાં છેલ્લા ૫-૬ મહિનાથી જે મહામારી ફેલાયેલી છે તે સદીઓમાં માનવ જાતિ ઉપર એકાદવાર આવે છે જેને આજે આપણે ભોગવી રહયા છીએ. આ પ્રસંગે તેમણે જુની સંસ્કૃતિઓનું સ્મરણ કરતા જણાવ્યું કે આજે આપણે બધા રોજીંદા કામકાજમાં આટલા બધા વ્યસ્ત બની ગયા છીએ કે આપણે આપણી શારીરિક અને આરોગ્ય જાળવવા માટે કરવી પડતી પ્રવૃતિઓ ઉપર ધ્યાન આપી શક્તા નથી જેના લીધે આપણા શરીરમાં રોગપ્રતિકારક શકિતઓનો અભાવ રહે છે અને આપણે આવા પ્રકારની મહામારીઓનો શિકાર બનીએ છીએ. તેમણે જણાવ્યું કે છેલ્લા થોડાક દિવસોથી કચ્છમાં જે રીતે આ મહામારી અને સંક્રમણના કેસો અને તેનો વ્યાપ વધી રહયો છે તેને જોતાં આજના સમયમાં વધુ હોસ્પિટલો ઊભી કરવાની જરૂરિયાત જણાય છે. ઉપરાંત આવી મહામારી સામે સ્વયં રક્ષણ મેળવવા માટે આપણને આપણી આંતરિક શકિતઓને વિકસાવવાની ખાસ જરૂરિયાત છે તેમ જણાવી તેમણે આ મહામારી કોઇ દવાથી નથી મટવાની એના માટે આપણને આપણા મનની આંતરદષ્ટિથી મનોબળ વધારવાની જરૂરિયાત છે તે વાત પર ભાર મૂક્યો હતો. તેમણે દરેક વર્ગના લોકોના જીવનમાં કાયમી રીતે સુખ, સમૃધ્ધિ, શક્તિ અને શાંતિ જળવાઇ રહે અને સ્વાસ્થય નિરોગી અને અને સ્વસ્થ રહે તે માટે જુની સંસ્કૃતિઓ અને યોગને અપનાવવું પડશે તેવો શુભ સંદેશ આ સ્થાનેથી તેમણે સૌ નગરજનોને પાઠવેલ.

આ પ્રસંગે ચેમ્બરના માનદ મંત્રીશ્રી આશિષ જોષીએ આ મહામારીના સમયગાળા દરમ્યાન ચેમ્બર પરિવારના જે સભ્યોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા છે તે પ્રત્યે શોક વ્યક્ત કરી તેઓને હાર્દિક શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

કોરોના સંક્રમણના કારણે ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન મર્યાદિત સભ્યો પૂરતો રાખવાનું હોવાથી પ્રથમ વખત આ કાર્યક્રમનું ઝૂમ માધ્યમથી જીવંત પ્રસારણ રાખાવામાં આવ્યું હતું જેથી બહોળી સંખ્યામાં સભ્યો ધ્વજવંદનનો લાભ મેળવી શકે.

**૨). <u>કચ્છમાં વાણિજ્યિક સંસ્થાનોને તહેવારોની સીઝનમાં મોડી રાત્રિ સુધી ખુલ્લી રાખવા ગૃહમંત્રીશ્રી સમક્ષ કરાયેલ રજુઆત</u>**

ઉપરોક્ત બાબતે ગાંધીધામ ચેમ્બર ધ્વારા ગુજરાત રાજયના માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાને કોરોનાકાળમાં લાગુ કરાયેલ લોકડાઉનની લાંબી શ્રૃંખલાના કારણે વેપારીઓ તથા ધંધાર્થીઓ છેલ્લા આઠ મહિનાથી ખૂબ જ કપરી આર્થિક પરિસ્થિતિનો સામનો કરી રહયા છે. હાલ અનલોક-૫ ચાલુ છે, જેની સમયમર્યાદા તા.૩૦.૧૧.૨૦૨૦ સુધી નિર્ધારિત કરેલ છે.

હાલમાં દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો આવી રહયા છે અને આવા શુભ પર્વ પર સામાન્ય જનતાથી માંડી સમાજના દરેક વર્ગો ખરીદી અને નૂતન કાર્યો કરતા હોય છે તો આ સપરમાં તહેવારોને અનુલક્ષીને જિલ્લાના વેપાર-ધંધાના વ્યાવસાયિક પ્રતિષ્ઠાનોને તહેવારોની મોસમ પૂરતું રાત્રિનાં ૧૨.૦૦ વાગ્યા સુધી જો ચાલુ રાખવા હુકમ કરવામાં આવે તો વેપારીઓ ગ્રાહકોને આકર્ષી શકશે અને મોડે સુધી ખરીદારી થઇ શકવાના કારણે ધંધાર્થીઓ લોકડાઉનની નુકશાની થોડે ઘણે અંશે ભરપાઇ કરી શકશે અને અન્ય સ્વરોજગાર ધરાવતા લોકોને પણ આત્મનિર્ભર બનવાની પ્રેરણા મળશે તેવી અપેક્ષાએ રજુઆત કરેલ છે.

**૩). <u>ચેમ્બર ભવનમાં નૂતન વર્ષ યોજવા બાબતે</u>**

હાલ સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ મહામારીના કારણે કેન્દ્ર અને રાજય સરકારશ્રી તરફથી નાગરિકો અને શહેરને સંક્રમિતથી બચવા તેઓ ધ્વારા વિવિધ માર્ગદશકિાઓ બહાર પડાયેલ છે જેનો સૌ નાગરિકોએ ફરજિયાતપણે તેનું પાલન કરવું જરૂરી હોતાં અને ગાંધીધામ ચેમ્બરે પણ તેમને સમર્થન પાઠવતા હાલ આ વર્ષે ગાંધીધામ ચેમ્બર ધ્વારા દર વર્ષની જેમ યોજાતો સ્નેહમિલનનું કાર્યક્રમ કારોબારી સમિતિના સભ્યો તરફથી સર્વસંમતિથી મોકૂફ રાખવામાં આવેલ છે.

સૌ સભ્યોને નૂતન વર્ષ દિપવાલી-સ્નેહ મિલનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવા ગાંધીધામ ચેમ્બર ધ્વારા પ્રથમવાર વિડિયો કિલપ દર્શાવી સ્નેમિલનની શુભેચ્છાઓ પાઠવવા પ્રથમ વખત નવીનતમ પ્રયાસ કરવામાં આવશે.

**૪). <u>ગાંધીધામ કચેરી ખાતે વધારાના સબ રજીસ્ટ્રારની નિયુક્તિ સાથે સ્ટાફ વધારવા બાબત</u>**

ઉપરોક્ત બાબતે ગાંધીધામ ચેમ્બર ધ્વારા ગાંધીનગર સ્થિત સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસના શ્રી ડી.જી. પટેલ, ભુજના ડેપ્યુટી કલેક્ટરશ્રી કું. એસ.એમ. કાથડ અને સ્થાનિક ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીને વિસ્તૃત રજુઆત સાથે પત્ર પાઠવી જણાવવામાં આવેલ છે કે, વર્તમાન સમયમાં વૈશ્વિક મહામારી કોરોના રોગચાળાના કારણે વેપાર-ઉદ્યોગ અને સામાન્ય જનજીવન છેલ્લા આઠ મહિનાથી ઠપ્પ હતું તે હવે સામાન્ય થતાં ધંધા-રોજગાર, સરકારી કચેરીઓ અને વહીવટી તંત્ર સામાન્ય સ્થિતિની પટરી ઉપર ચઢી રહયો છે ત્યારે ગાંધીધામ સ્થિત સબ-રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયા અતિ મંદ ગતિથી ચાલી રહી છે.

જયારે ગાંધીધામ શહેર જિલ્લાનું આર્થિક મથક અને મહાનગર બનવા તરફ જઇ રહયું છે ત્યારે શહેરની અંદાજિત ચાર લાખની વસ્તી અને આર્થિક રીતે વેપાર ઉદ્યોગનુ મથક એવા ગાંધીધામમાં હાલમાં ફક્ત એક જ સબ-રજીસ્ટ્રાર અને ઓછા સ્ટાફ-સંસાધનોથી રોજ-બ-રોજના રજીસ્ટ્રીકરણની કામગીરી ખૂબ જ ધીમી ગતિથી થવાના કારણે નાગરિકો હાલાકીનો સામનો કરી રહયા છે. જિલ્લાના બીજા શહેરો જેવા કે અંજાર, માંડવી અને ભુજની કચેરીમાં બે-બે સબ રજીસ્ટ્રારો કાર્યરત છે. વસ્તીની દૃષ્ટિએ જોઇએ તો ગાંધીધામ જિલ્લાનું સૌથી વધુ વસ્તી ધરાવતું અને સૌથી મોટું આર્થિક મથક ગણાય છે. તદ-ઉપરાંત

ગાંધીધામ વિસ્તારના દસ્તાવેજીકરણમાં એસ.આર.સી, ડીપીટી અને ખાતેદાર એમ મળીને એક દસ્તાવેજ કરવામાં ત્રણ ગણું કામ કરવાનું થાય છે.

કચ્છ જિલ્લો વેપારી મથક હોવાના કારણે બેંક મોર્ટગેજ તથા લોન લેવા માટેની પ્રક્રિયાના ભાગરૂપે શહેરની જનતાને હાલમાં અપૂરતા સ્ટાફના કારણે અસહય હાડમારી ભોગવવી પડે છે. હાલમાં ૭ દિવસથી ઉપરનું વેઇટીંગ ચાલી રહયું છે. દરરોજના ફક્ત ૧૨ રજીસ્ટ્રેશન થાય છે, જે શહેરની માંગ સામે ૭ ગણું ઓછું દસ્તાવેજીકરણ થઇ રહયું છે, પ્રોપટી રજીસ્ટ્રેશન એ રાજયની મહેસુલી આવકનો મુખ્ય સ્ત્રોત હોઇ ગાંધીધામ સ્થિત કચેરીએ ન્યુનતમ બે કે ત્રણ સબ રજીસ્ટ્રારની નિયુક્તિ સાથે સંલગ્ન પુરતો સ્ટાફ (ઓપરેટર્સ) અને સંસાધનોની તાતી જરૂરિયાત છે, તેવી ભારપૂર્વકની રજુઆત કરવામાં આવેલ છે.

**૫). <u>ગાંધીધામ ખાતે આર.ટી.ઓ લાયસન્સ મેળવવા માટેની પ્રક્રિયા પુનઃ શરૂ કરવા બાબત</u>**

ગાંધીધામ એ વેપારનું હબ ગણાય છે અને અહિંયા અંદજિત ૪ લાખની વસ્તી છે, લોકડાઉન અગાઉ ગાંધીધામ ખાતે આઇ.એમ.વી. આર.ટી.ઓ. ઓફીસ ખાતેથી દૈનિક ધોરણે મોટી સંખ્યામાં અરજદારોને લાયસંસ જારી કરાતા હતા, પણ લોકડાઉન પછી આ કચેરી અને કામગીરી બંધ કરાયેલ. હાલ આવા લાયસન્સ મેળવવા માટે સ્થાનિક લોકોને ભુજ સુધી ધકકો ખાવો પડે છે, જેથી સમય અને નાણાનો વ્યય થાય છે, તેથી બંધ કરાયેલ આ કચેરી અને પ્રક્રિયાને પુનઃ શરૂ કરવામાં આવે તેવી રજુઆત ગાંધીધામ ચેમ્બર ધ્વારા પોર્ટસ અને ટ્રાંસપોર્ટ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી કમલ દયાનીએ કરેલ છે.

**૬). <u>કંડલા પોર્ટના બિસ્માર રસ્તાઓની મરામત અને અન્ય સુવિધાઓ વિકસાવવા બાબત</u>**

ગાંધીધામ ચેમ્બર ધ્વારા ડીપીટી ચેરમેનશ્રી સંજય મહેતાને પોર્ટના બિસ્માર રસ્તાઓ અને કેટલીક માળખાગત સુવિધાઓ વિકસાવવા બાબત પત્ર પાઠવી રજુઆત કરાયેલ છે, જેમાં મુખ્યત્વે ગાંધીધામથી પોર્ટના નોર્થ ગેટ સુધીના મુખ્ય માર્ગ પર ઠેરઠેર ગાબડા પડી ગયેલા છે, ઝીરો પોઇન્ટ ઉપર પાણીની મુખ્ય લાઇન તૂટી ગયેલ છે અને વેસ્ટ ગેટ સુધીના રસ્તાઓ બિસ્માર હાલતમાં છે, નક્ટીથી ઝીરો પોઇન્ટ સુધીનો વિસ્તાર તથા પોર્ટની અંદર અને બહારના વિસ્તારોમાં મોટા પાયે રાત્રિ પ્રકાશ માટે ફ્લડ લાઇટીંગની તથા નાઇટ વીઝન સીસીટીવી કેમેરા લગાડવા ઉપરાંત ટ્રાફિકની સમસ્યાને પણ હલ કરવા માટે નક્ટી પુલથી બંદર સુધીના માર્ગની ડિવાઇડર પર બીન જરૂરી કટો બંધ કરવા તથા એલપીજી ત્રણ રસ્તા જંક્શન ઉપર લાઇન - કેમેરાની સુવિધા બેસાડવાની કામગીરી ઉપર ભાર મૂક્વા જેવી બાબતો પર સૂચન કરાયેલ છે. કંડલા પોર્ટ સલામતીની દ્રષ્ટિએ પણ સંવેદનશીલ ગણાય છે જેને મધ્ય નજર રાખી ગાંધીધામ ચેમ્બર ધ્વારા કરાયેલ ઉપરોક્ત રજુઆતો માટે પોર્ટ વપરાશકર્તાઓ આ મૂળભૂત અને માળખાગત સુવિધાઓની અપેક્ષા રાખે તે સહજ હોઇ આ તમામ સુવિધાઓ તાત્કાલિક ધોરણે ઊભી કરવા રજુઆત કરવામાં આવેલ છે.

**(આઇ) <u>અગત્યનો પત્ર વ્યવહાર</u> :-**

**<u>જુલાઇ, ૨૦૨૦</u>**

| તારીખ | પત્રની વિગત |
|---|---|
| ૦૭.૦૭.૨૦૨૦ | પીએચડી ચેમ્બર પુરસ્કાર સ્ટાર્ટઅપ-૨૦૨૦ ના નામાંક્ન માટે ગાંધીધામ ચેમ્બરના સભ્ય મેસર્સ પુરાંચલ કોમ્પોઝિટ પેનલ (ઈંડિયા) પ્રા. લિ., ની ભલામણ માટે રજુઆત કરતો પત્ર પીએચડી ચેમ્બરના ચેરમેનશ્રીને પાઠવ્યો. |
| ૦૭.૦૭.૨૦૨૦ | કંડલાના પોર્ટની લેન્ડ પોલીસીમાં જમીનના અન્યાયી દરની સમીક્ષા કરી ફેર વર્ગીકરણ કરવા ટેમ્પના ડાયરેક્ટર મિસ. અનુરાધા શર્માને રજુઆત કરતો પત્ર લખ્યો. |
| ૧૦.૦૭.૨૦૨૦ | કંડલાની જમીનોના દરના વર્ગીકરણ અને લીઝ નવીનીકરણ બાબતે રાજયના શિપિંગ મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાને પત્ર પાઠવ્યો. |
| ૧૦.૦૭.૨૦૨૦ | કંડલા એસ.ઇ.ઝેડ ખાતે ઔદ્યોગિક પ્લોટમાં લીઝ ભાડાના અતિશય વધારા બાબતે ધ્યાન દોરતો પત્ર ઉદ્યોગ અને વાણિજય મંત્રીશ્રી પિયુષ ગોયલને પત્ર પાઠવ્યો. |
| ૧૪.૦૭.૨૦૨૦ | ફ્રેઇટ વોલ્યુમ વધારવા માટે અમદાવાદ સ્થિત પશ્ચિમ રેલ્વેના સીનીયર ડી.સી.એમ.અને ડી.આર.એમ. શ્રી દિપક ઝા ને સૂચનો રજુ કરતો પત્ર પાઠવ્યો. |

| | |
|---|---|
| ૧૪.૦૭.૨૦૨૦ | કંડલાની જમીનના દરની રચના અને વર્ગોની ફરિયાદ બાબતે રાજયના શિપિંગ મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાને પત્ર પાઠવ્યો. |
| ૧૬.૦૭.૨૦૨૦ | ગાંધીધામ શહેરની અસહય ગંદકી દૂર કરી સ્વચ્છ શહેર બનાવવા બાબતે ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખશ્રીને પત્ર પાઠવ્યો. |
| ૧૬.૦૭.૨૦૨૦ | મીઠાના રેક ઉપર ડેમરેજ ચાર્જમાં ઘટાડા બાબતે પશ્ચિમ રેલ્વેના ચીફ ઓપરેટીંગ મેનેજર શ્રી શૈલેન્દ્ર કુમારને પત્ર પાઠવ્યો. |
| ૨૧.૦૭.૨૦૨૦ | જિલ્લામાં વધતા જતા કોરોના કેસો સામે હોસ્પિટલની અધિક સુવિધ ઉભી કરવા બાબત કચ્છ કલેકટર શ્રીમતી પ્રવિણા ડી.કે. ને પત્ર પાઠવ્યો. |
| ૨૨.૦૭.૨૦૨૦ | વેરા સમાધાન યોજના શરૂ કરવા બાબતે ગુજરાત રાજયના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને રાજય ટેક્સના ચીફ કમિશ્નરશ્રી જે.પી. ગુપ્તાને પત્ર પાઠવ્યો. |
| ૨૭.૦૭.૨૦૨૦ | ગાંધીનગર જીઆઇડીસીના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી એમ. થેન્નારસનને કચ્છ જિલ્લામાં નવી જીઆઇડીસીની રચના બાબતે રજુઆત કરતો પત્ર પાઠવ્યો. . |
| ૨૭.૦૭.૨૦૨૦ | તાત્કાલિક જરૂરિયાત માટે દાદા ભગવાન ગ્રાઉન્ડ ખાતે હંગામી ધોરણે ૫૦૦ બેડની સુવિધા વિકસાવવા ડીપીટીના ચેરમેન શ્રી એસ.કે. મહેતાને પત્ર પાઠવ્યો. |
| ૩૧.૦૭.૨૦૨૦ | ગાંધીધામ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. શ્રી બી.એસ. સંધુને ઇ-ચલણ ધ્વારા થતી કાયદાકીય કાર્યવાહીની માહિતી પાઠવવા બદલ આભાર વ્યક્ત કરતો પત્ર પાઠવ્યો. |
| ૩૧.૦૭.૨૦૨૦ | આઇ.પી.એ. મુંબઇના ચેરમેનશ્રી સંજય ભાટિયાને સેવા નિવૃતિ માટે અભિનંદન પાઠવેલ |

**<u>અગસ્ત, ૨૦૨૦</u>**

| | |
|---|---|
| ૦૧.૦૮.૨૦૨૦ | સીની. ડી.સી.એમ. અમદાવાદને ડી.આર.યુ.સી.સી. અમદાવાદ ઉપર ગાંધીધામ ચેમ્બરના પ્રતિનિધિ તરીકે નિયુક્ત સભ્યશ્રી પારસમલ નાહટાની વરણી માટે પત્ર લખ્યો. |
| ૦૫.૦૮.૨૦૨૦ | કોવિડ-૧૯ પશ્ચાત બંધ થયેલ આલા હઝરત ટ્રેન નં. ૧૪૩૧૧-૧૨ અને ૧૪૩૨૧-૨૨ ને પુનઃશરૂ કરવા રેલ્વે મંત્રીશ્રી પિયુષ ગોયલને પત્ર પાઠવ્યો. |
| ૦૭.૦૮.૨૦૨૦ | પૂર્વ કચ્છ (ગાંધીધામ) જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી મયુર પાટિલને પોલીસવડા તરીકે વિધિવત ચાર્જ સંભાળવા બદલ હાર્દિક અભિનંદન પાઠવેલ |
| ૦૭.૦૮.૨૦૨૦ | પશ્ચિમ કચ્છ (ભુજ) જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી સૌરભસિંઘને પોલીસવડા તરીકે વિધિવત ચાર્જ સંભાળવા બદલ હાર્દિક અભિનંદન પાઠવેલ |
| ૦૭.૦૮.૨૦૨૦ | ગાંધીનગર મધ્યે શ્રી આશિષ ભાટીયાની પોલીસ મહાનિર્દેશક તરીકે નિયુક્તિ થવા બદલ હાર્દિક અભિનંદન પાઠવેલ |
| ૦૭.૦૮.૨૦૨૦ | ભુજ મધ્યે સરહદી રેન્જના શ્રી જસવંતસિહ મોથાલિયાની પોલીસ મહાનિરીક્ષક તરીકે નિયુક્તિ થવા બદલ પાઠવેલ હાર્દિક અભિનંદન |
| ૦૭.૦૮.૨૦૨૦ | અમદાવાદ મુકામે પોલીસ અધિક્ષકશ્રી - પશ્ચિમ રેલ્વે તરીકે શ્રીમતી પરીક્ષિતા રાઠોડની થયેલ નિમણૂંક માટે પાઠવવામાં આવેલ હાર્દિક અભિનંદન |
| ૦૭.૦૮.૨૦૨૦ | ભારતીય જનતા પાર્ટી - ગાંધીધામ શહેર એકમના ઉપ પ્રમુખશ્રી તરીકે શ્રી બળવંતભાઇ ઠક્કરની નિમણૂંક બદલ તેમને પાઠવેલ હાર્દિક અભિનંદન |
| ૦૭.૦૮.૨૦૨૦ | ડી.આર.યુ.સી.સી. - અમદાવાદ માટે સભ્યશ્રી પારસમલ નાહટાની નોમીનેટીંગ માટે સીની. ડીસીએમ, અમદાવાદને પત્ર પાઠવ્યો |
| ૧૦.૦૮.૨૦૨૦ | ગુજરાત ચેમ્બર, અમદાવાદના પ્રમુખશ્રી દુર્ગેશ બુચને પોર્ટ યુઝર્સને સ્પર્શતા પ્રશ્નો બાબતે મુદ્દાઓ સહિત પત્ર પાઠવ્યો |
| ૧૦.૦૮.૨૦૨૦ | પી.આઇ. શ્રી મુકેશભાઇ સુથારની ધોરાજી મુકામે બદલી થતા ગાંધીધામ શહેર ખાતે પી.આઇ (રાજય આઇ.બી) તરીકે પ્રશંસનીય કામગીરીની નોંધ લઇ તેમની કામગીરીને બિદાવેલ |

| | |
|---|---|
| ૧૦.૦૮.૨૦૨૦ | ગાંધીધામ શહેર ખાતે પી.આઇ (રાજય આઇ.બી) તરીકી કે.જે. જાટને પાઠવેલ હાર્દિક અભિનંદન |
| ૧૧.૦૮.૨૦૨૦ | મુંદ્રા પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રીને નોટીસ-સમજપત્ર અન્વયે પાઠવેલ પ્રત્યુતર |
| ૧૯.૦૮.૨૦૨૦ | સર્વિસ ટેક્ષ ડિપાર્ટમેન્ટ તરફથી જારી કરવામાં આવેલ નોટીસ અને સમન્સને મુલત્વી રાખવા બાબતે નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને પાઠવેલ પત્ર |
| ૨૦.૦૮.૨૦૨૦ | રાજકોટ સ્થિત પીજીવીસીએલના એમ.ડી. મિસ. સ્વેતા ટિઓટીઆને ચોપડવા મધ્યે અવારનવાર પડનાર વિજ વિક્ષેપ અને અન્ય પડતર મુદ્દાઓ સંદર્ભે પત્ર પાઠવ્યો. |
| ૨૦.૦૮.૨૦૨૦ | જાહેર રસ્તાઓ અને સેક્ટર ૧૨ વિસ્તારમાં થયેલ અનઅધિકૃત દબાણોને દૂર કરવા અંજારના એસ.ડી.એમ. ડો. વી.કે. જોષીને પત્ર પાઠવ્યો. |
| ૨૦.૦૮.૨૦૨૦ | ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પૂર્વ કચ્છમાં સીએનજી આઉટલેટ બાબતે પત્ર પાઠવ્યો |
| ૨૧.૦૮.૨૦૨૦ | ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને કૃષિ જમીનની ખરીદીમાં સરળતા લાવવાના નિર્ણય બાબતે પત્ર પાઠવ્યો |
| ૨૭.૦૮.૨૦૨૦ | વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલ રોડ મરામતનું કામ શીઘ્રતાના ધોરણે હાથ ધરવા ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખશ્રી કાનજીભાઇ ભર્યાને પત્ર પાઠવ્યો |
| ૨૭.૦૮.૨૦૨૦ | ગાંધીધામ શહેરમાં પાણી ભરાવાની સમસ્યા બાબતે ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને પત્ર પાઠવ્યો |
| ૨૭.૦૮.૨૦૨૦ | માલવાહક વાહનોમાં વેરા માફીની મુદત લંબાવવા બાબતે ગુજરાત રાજયના વાહન વ્યવહાર મંત્રીશ્રી આર.સી. ફળદુને પત્ર પાઠવ્યો. |

**<u>સપ્ટેમ્બર, ૨૦૨૦</u>**

| | |
|---|---|
| ૦૩.૦૯.૨૦૨૦ | ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો વિરુધ્ધ લાવવામાં આવેલ કાયદાઓના સમર્થન બાબતે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પત્ર પાઠવ્યો. |
| ૦૭.૦૯.૨૦૨૦ | સ્થાનિક ડીપીટીએ કાર્ગો હેન્ડલીંગમાં નં. ૧ ની સ્થિતિ મેળવવા બદલ ગાંધીધામ ચેમ્બર ધ્વારા ડીપીટી ચેરમેનશ્રી એસ.કે. મહેતાને હાર્દિક અભિનંદન પાઠવવા પત્ર પાઠવ્યો |
| ૦૯.૦૯.૨૦૨૦ | તુણા-જોગણીનાર માર્ટનું કોન્ટ્રાક્ટર ધ્વારા સમારકામ નહિં થવા બાબત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી, ભુજને પત્ર પાઠવ્યો. |
| ૦૯.૦૯.૨૦૨૦ | ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૦-૨૧ ની કારોબારી સમિતિના ચૂંટાયેલ સૌ કારોબારી સમિતિના સભ્યોને હાર્દિક અભિનંદન પાઠવવા પત્ર પાઠવેલ. |
| ૦૯.૦૯.૨૦૨૦ | હૈદ્રાબાદ સ્થિત મે. સર્વા ટ્રેડીંગ કું. પ્રા. લિ. ના મિ. સુરજીત કુમાર જૈનન[ M/s. Purbanchal Veneers, Gandhidham વાળાની બાકી નિકળતી લેણી રકમ બાબતે પત્ર પાઠવ્યો. |
| ૧૨.૦૯.૨૦૨૦ | પશ્ચિમ રેલ્વેના એ.આર.એમ સાથે યોજાયેલ બેઠક મુજબ નેરો ગેજ જુની સ્ટીમ ઈજીનને નેશનલ હાઇવે ટ્રાફિક જંકશન પર પ્રદર્શન બાબતે |
| ૧૬.૦૯.૨૦૨૦ | ગાંધીધામ ચેમ્બર ધ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને અનલીસ્ટેડ અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રમાં ઘરેલું રોકાણને પ્રોત્સાહિત કરવા બાબતે પત્ર પાઠવ્યો |
| ૧૬.૦૯.૨૦૨૦ | ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદની કારોબારી સમિતિની મળેલ પ્રથમ બેઠકમાં આપણી કારોબારી સમિતિના સભ્યશ્રી મહેશ પુજે ગાંધીધામ ચેમ્બર ધ્વારા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સમક્ષ રજુ કરેલ પ્રશ્નોની યાદી રજુ કરેલ |
| ૧૮.૯.૨૦૨૦ | રેલવે બોર્ડ ધ્વારા ઓવરલોડેડ વેગનો ઉપર વસુલાતા ડિટેન્શન ચાર્જ અને દંડાત્મક કાર્યવાહી માંથી મુક્તિ આપવા બદલ રેલવે મંત્રીશ્રી પિયુષ ગોયલ અને તેને |

| | |
|---|---|
| | સંબંધિત અન્ય વિભાગો પ્રત્યે આભાર વ્યક્ત કરતો પત્ર પાઠવેલ. સોલ્ટ મેન્યુફેક્ચરર્સ અને અન્ય યુઝર્સ ધ્વારા કરાયેલ આ માંગણી રેલવે બોર્ડ સમક્ષ પડતર હતી. |
| ૨૩.૯.૨૦૨૦ | વોર્ડ નં. ૧૨-એ ની આસપાસ અસામાજિક તત્વો ધ્વારા કરાયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવા બાબત ગાંધીધામ ચેમ્બર ધ્વારા ગાંધીધામ નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી સમક્ષ રજુઆત કરતો પત્ર પાઠવેલ. |
| ૨૩.૯.૨૦૨૦ | તાજેતરમાં થયેલા વરસાદથી સેક્ટર-૧૧ વિસ્તારમાં રોડમાં મોટા મોટા ખાડાઓ પડી ગયેલ હોવાથી રોડનું સમારકામ કરવા બાબતે ગાંધીધામ ચેમ્બર ધ્વારા ગાંધીધામ નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી સમક્ષ રજુઆત કરતો પત્ર પાઠવેલ. |

**ઓક્ટોબર, ૨૦૨૦**

| | |
|---|---|
| ૧.૧૦.૨૦૨૦ | નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ રજુ કરવા બાબતે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને રાજય નેશનલ હાઈવે ડીવીઝન ઓફીસ વચ્ચે અધિકાર ક્ષેત્ર મુદ્દે રજુઆત કરતો પત્ર ડે. જનરલ મેનેજર શ્રી અમરેન્દ્ર કુમારને પાઠવેલ. |
| ૨.૧૦.૨૦૨૦ | સભ્યશ્રી દિનેશ ગુપ્તાની ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લોજિસ્ટિક્સ કમિટિના ચેરમેનશ્રી તરીકે થયેલ નિયુક્તિ બદલ તેમને અભિનંદન પાઠવતો પત્ર પાઠવેલ. |
| ૨.૧૦.૨૦૨૦ | ડીપીટીના આંતરિક માર્ગોના માળખાકીય સુવિધાઓમાં સુધારા અને સમારકામ બાબતે ડીપીટી ચેરમેનશ્રી સંજય મહેતાને રજુઆત કરતો પત્ર પાઠવેલ. |
| ૫.૧૦.૨૦૨૦ | મુંબઇ પશ્ચિમ રેલવેના પ્રિન્સીપાલ ચીફ ઓપરેટીંગ મેનેજરશ્રીને સોલ્ટ ટ્રાફિકના સુધારણા બાબતે વેબિનારના માધ્યમથી સબમિશન્સ રજુ કર્યા તે બાબતે પત્ર પાઠવી રજુઆત કરેલ. |
| ૫.૧૦.૨૦૨૦ | ગાંધીધામ ચેમ્બરના સભ્ય ધ્વારા મળેલ ફરિયાદના આધારે જીટીપીએલ હાથવે લિ., રાજકોટને તેઓના ગ્રાહકોને રિસપોન્સ આપવામાં આવતું નથી તે બાબતે રજુઆત કરતો પત્ર લખેલ |
| ૫.૧૦.૨૦૨૦ | Issue of En-masse Service Tax Notices બાબતે નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને રજુઆત કરતો પત્ર પાઠવ્યો. |
| ૨૬.૧૦.૨૦૨૦ | ગાંધીધામ કચેરી ખાતે વધારાના સબ રજીસ્ટ્રારની નિયુક્તિ સાથે સ્ટાફ વધારવા બાબતે ગાંધીનગર સ્થિત સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસ શ્રી ડી.જી. પટેલ, કચ્છ કલેક્ટર શ્રીમતી પ્રવિણા ડી. કે., ડેપ્યુટી કલેક્ટર કું. એમ.એસ. કાથડ અને સ્થાનિક ધારાસભ્યશ્રીને રજુઆત કરતો પત્ર પાઠવ્યો. |
| ૨૯.૧૦.૨૦૨૦ | પશ્ચિમ રેલ્વેના પ્રિન્સીપાલ ચીફ ઓપરેટીંગ મેનેજરશ્રી શૈલેન્દ્ર કે. શાહે ગાંધીધામ ચેમ્બર ભવનની શુભેચ્છા મુલાકાત લીધેલ ત્યારે ગાંધીધામ ચેમ્બર ધ્વારા ટ્રાફિક અને પ્રવાસીઓને સ્પર્શતા પ્રશ્નો રજુ કરતો આવેદનપત્ર પાઠવેલ. |
| ૩૧.૧૦.૨૦૨૦ | હાઈવે પર લૂંટફાટ કરતા તત્વોને પકવાની પ્રશંસનીય કામગીરી કરવા બદલ સુરેન્દ્રનગરના પોલીસ અધિક્ષકશ્રી મહેન્દ્ર બગડીયા અને તેના નેતૃત્વ હેઠળ દેખરેખ રાખવા રચવામાં આવેલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ. |

**(જે) અગત્યની પ્રેસ નોટસ :-**

| તારીખ | યાદીની સંક્ષિપ્ત વિગત |
|---|---|
| ૦૯.૦૭.૨૦૨૦ | કંડલા પોર્ટની લેન્ડ પોલીસીની પુનઃ સમીક્ષા કરી અને ફેર વર્ગીકરણ કરવા ગાંધીધામ ચેમ્બર ધ્વારા મહાબંદરોની ટેરીફ ઓથોરીટીના ડાયરેક્ટરને પત્ર પાઠવી કરાયેલ રજુઆત પ્રસંગે પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |
| ૧૪.૦૭.૨૦૨૦ | કંડલા પોર્ટની જમીનને લગતા પ્રશ્નો અંગે શિપિંગ મંત્રાલયના અધિક સચિવશ્રી સંજય બંડોપાધ્યાય સાથે ડીપીટી મધ્યે યોજાયેલ બેઠક દરમ્યાન જમીનના ભાડાપટાના |

| | |
|---|---|
| | વધારા બાબતે અને પોર્ટને લગતા વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી તે પ્રસંગે પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |
| ૨૧.૦૭.૨૦૨૦ | કચ્છ જિલ્લામાં વધતા જતા કોરોના કેસો સામે ગાંધીધામ મધ્યે હોસ્પિટલની વધારાની સુવિધા ઉભી કરવા ગાંધીધામ ચેમ્બર કચ્છ કલેક્ટરશ્રી સમક્ષ કરાયેલ રજુઆત પ્રસંગે પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |
| ૩૧.૦૮.૨૦૨૦ | ગાંધીધામ-આદિપુર જોડીયા શહેરમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યાના કાયમી નિરાકરણ માટે નાયબ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સમક્ષ ગાંધીધામ ચેમ્બર ધ્વારા પત્ર પાઠવી કરાયેલ રજુઆત પ્રસંગે પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |
| ૦૩.૦૯.૨૦૨૦ | ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો વિરુધ્ધ લાવવામાં આવેલ કાયદાઓના સમર્થન બાબતે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ સમર્થન બદલ પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |
| ૧૮.૦૯.૨૦૨૦ | ગાંધીધામ ચેમ્બર ધ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને અનલીસ્ટેડ અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રમાં ધરેલું રોકાણને પ્રોત્સાહિત કરવા પ્રસંગે પત્ર પાઠવી કરાયેલ રજુઆત પ્રસંગે પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |
| ૦૩.૧૦.૨૦૨૦ | કંડલા પોર્ટના બિસ્માર રસ્તાઓ અને અન્ય સુવિધાઓ સુધારવા ગાંધીધામ ચેમ્બર ધ્વારા ડીપીટી ચેરમેનશ્રીને કરાયેલ અનુરોધ બદલ પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |
| ૦૭.૧૦.૨૦૨૦ | સર્વિસ ટેક્ષની એક્સામટે નોટીસો ફટકારાતા ગાંધીધામ ચેમ્બરની કેન્દ્રીય નાણાપ્રધાન સમક્ષ પત્ર પાઠવી કરાયેલ ફરિયાદ પ્રસંગે પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી |
| ૨૭.૧૦.૨૦૨૦ | ગાંધીધામ કચેરી ખાતે વધારાના સબ રજીસ્ટ્રારની નિયુક્તિ સાથે સ્ટાફ વધારવા બાબતે ગાંધીનગર સ્થિત સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસ શ્રી ડી.જી. પટેલ, કચ્છ કલેક્ટર શ્રીમતી પ્રવિણા ડી. કે., ડેપ્યુટી કલેક્ટર કું. એમ.એસ. કાથડ અને સ્થાનિક ધારાસભ્યશ્રીને પત્ર પાઠવી કરેલ રજુઆત પ્રસંગે પ્રસિધ્ધ કરાયેલ અખબારી યાદી. |

**કે. <u>ચેમ્બરની મુલાકાતે પધારેલ મહાનુભાવો</u> :**

૧) શ્રી એ.એસ. ગર્વા, પીજીવીસીએલ, અંજાર વિભાગના સુપ્રિ. ઇજનેરશ્રી

૨) શ્રી એચ.આર. કડોધરા, પીજીવીસીએલ, એક્ઝીક્યુટિવ ઇજનેરશ્રી, ગાંધીધામ

૩) શ્રી શૈલેન્દ્રકુમાર, પ્રિન્સીપાલ ચીફ ઓપરેશન્સ મેનેજર, પશ્ચિમ રેલવે, મુંબઇ

૪) શ્રી આદિષ પઠાનિયા, એરીયા રેલવે મેનેજર, પશ્ચિમ રેલવે, ગાંધીધામ

**એલ. . <u>અભિનંદનના અધિકારી</u> :**

૧) શ્રી એસ.કે. મહેતા
ડીપીટી : તેઓને કાર્ગો હેન્ડલીંગમાં ઓગસ્ટ-૨૦૨૦ ના સમયગાળા ચેરમેન, દરમ્યાન નં. ૧ ના ક્રમાંક પર પહોંચી મેળવેલ સિધ્ધી પ્રસંગે પાઠવેલ અભિનંદન.

૨) શ્રી મહેન્દ્ર બગડીયા
પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર : તેઓને હાઇવે પર લૂંટફાટ કરતા તત્વોને પકવાની પ્રશંસનીય કામગીરી કરવા બદલ પાઠવે હાર્દિક અભિનંદન

૩) શ્રી સંજય ભાટિયા
આઇ.પી.એ.ચેરમેન, મુંબઇ : તેમને સેવા નિવૃતિ માટે પાઠવેલ અભિનંદન

૪) શ્રી મયુર પાટિલ
પોલીસ અધિક્ષકશ્રી
પૂર્વ કચ્છ (ગાંધીધામ) : તેમને પોલીસવડા તરીકે વિધિવત ચાર્જ સંભાળવા બદલ પાઠવેલ હાર્દિક અભિનંદન

૫) શ્રી સૌરભસિંઘ
પોલીસ અધિક્ષકશ્રી
પશ્ચિમ કચ્છ (ભુજ) : તેમને પોલીસવડા તરીકે વિધિવત ચાર્જ સંભાળવા બદલ પાઠવેલ હાર્દિક અભિનંદન

| | | |
|---|---|---|
| ૬) | શ્રી આશિષ ભાટીયા :<br>પોલીસ મહાનિર્દેશક | તેમની ગાંધીનગર મુકામે નિયુક્તિ થવા બદલ પાઠવેલ હાર્દિક અભિનંદન |
| ૭) | શ્રી જસવંતસિહ મોથાલિયાઃ<br>પોલીસ મહાનિરીક્ષક, ભુજ | તેમની સરહદી રેન્જના અધિકારી તરીકે થયેલ નિયુક્તિ બદલ પાઠવેલ હાર્દિક અભિનંદન |
| ૮) | શ્રીમતી પરીક્ષિતા રાઠોઠ :<br>પોલીસ અધિક્ષકશ્રી,<br>અમદાવાદ | તેમની પશ્ચિમ રેલ્વેમાં થયેલ નિમણૂંક બદલ પાઠવવામાં આવેલ હાર્દિક અભિનંદન |
| ૯) | શ્રી દિનેશ ગુપ્તા : | તેમની ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લોજિસ્ટિક્સ કમિટિના ચેરમેનશ્રી તરીકે થયેલ નિયુક્તિ બદલ પાઠવેલ હાર્દિક અભિનંદન |
| ૧૦) | શ્રી બળવંતભાઇ ઠક્કર : | તેમની ભારતીય જનતા પાર્ટી - ગાંધીધામ શહેર એકમના ઉપ પ્રમુખશ્રી તરીકેની થયેલ નિમણૂંક બદલ પાઠવેલ હાર્દિક અભિનંદન |

પ્રસ્તુત અહેવાલની વિગતો આપણી પારદર્શિતા, ગતિશીલતા અને કાર્યશીલતા પ્રતિપાદિત કરે છે. પદાધિકારીઓને પૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ સંસ્થાના વરિષ્ઠ સભ્યશ્રીઓનું સતત માર્ગદર્શન મળતું રહે છે, તે પ્રેરકબળ છે.

માનનીય સભ્યોને ખાસ વિનંતી કે, તેઓ સૌ વખતોવખત ચેમ્બર ભવનની મુલાકાત લઇ, સરકાર કે અન્ય એજન્સીઓ સાથે થયેલ પત્ર વ્યવહાર વગેરે જોઇ વિકાસલક્ષી સૂચનો કરે. આપના સૂચનો હમેશા આવકાર્ય છે અને પદાધિકારીઓ તેથી પ્રોત્સાહિત થશે. વળી, અર્ધ વાર્ષિક, વાર્ષિક સામાન્ય સભામાં તેમજ જાહેર કાર્યક્રમોમાં સભ્યશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તો સ્વાભાવિક રીતે જ પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સૌ સભ્યોનો ઉત્સાહ બેવડાશે.

વર્ષ દરમ્યાનની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાના અમારા પ્રયાસ કેટલા સફળ થયા છે તેને મૂલવવાનું કામ આપ સૌનું છે. આશા રાખું છું કે, આપ સૌના સ્મૃતિપટ પર આ વર્ષની યાદ ચિરંજીવ રહેશે. મને ખાતરી છે કે આગામી સમયમાં આપના સૌના સાથ સહકારથી આપણી સંસ્થાને અપ્રતિમ ઊંચાઇ ઉપર લઇ જવા પ્રયત્નશીલ રહેશું.

ચેમ્બરની પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તારવામાં વખતોવખત સહકાર બદલ ચેમ્બર પ્રમુખશ્રી, પૂર્વ પ્રમુખશ્રીઓ મારા અન્ય સાથી હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સાથી મિત્રો, પેટા સમિતિના કન્વીનરશ્રીઓ અને સભ્યશ્રીઓ તથા વિવિધ વ્યાપારી એસોસીએશનના પ્રતિનિધિઓ, બીન સરકારી સંગઠનો, સભ્યો તથા કર્મચારીગણનો આભાર વ્યક્ત કરી વિરમું છું.

**(આશિષ એસ. જોષી)**
માનદ્ મંત્રી